# જ્યોતિપુંજ

# JYOTI PUNJ

1

Price Rs. 1/-


Total - 48 Pages

Vol No. 63 - Issue No. 7

October - 2019

R.N.I.No. : 11555 / 1966

શુભ દિપાવલી



નૂતન વર્ષાભિનંદન

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**૬૮ મો વાર્ષિક રસોત્સવ**
**રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૯**
**સમય : સવારે ૯.૩૦ કલાકે**
વધુ વિગત પાના નં. ૧૩

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**પ્રવાસ પર્યટન**
**રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૦**
**સ્થળ : સાયલન્ટ હિલ રિસોર્ટ**
વધુ વિગત પાના નં. ૯

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**મહિલા વિભાગ - દિવાળી સ્નેહ સંમેલન**
**સોમવાર, તા. ૧૧-૧૧-૨૦૧૯**
**સમય : બપોરે ૨.૩૦ કલાકે**
વધુ વિગત પાના નં. ૨૧

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022-49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


વર્ષ અંક તારીખ
૬૩ ૭ ૨૧-૧૦-૨૦૧૯
છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


# નેપાલ

## જ્યાં પ્રાકૃતિક સૌંદર્ય તથા તીર્થસ્થળોનો સુભગ સમન્વય થાય છે

**તંત્રી સ્થાનેથી**

✍ બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

## દિવાળી અને બેસતા વર્ષની હાર્દિક શુભેચ્છા

**દીપાવલીના તહેવારો વિક્રમ સંવતના સર્વ ઉત્સવો કરતાં મોટા, અમૂલ્ય ને મહાન તહેવારો છે. સર્વ બાલાસિનોરવાસીઓ તહેવારોની હારમાળાના દીપોત્સવી પર્વો સ્નેહ, સંપ, શાંતિથી સુખરૂપ ઉજવે તેવી અંતરની શુભેચ્છા.**

**બેસતું વર્ષ આપ સર્વના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય લઈને આવે, નવા શ્વાસ નવો લય, નવું તેજ આપ સર્વના જીવનમાં નવી પ્રગતિની કેડી કંડારે તેવી પ્રભુ પ્રાર્થના.**

નેપાલ શબ્દની વ્યુત્પત્તિના સંબંધમાં વિદ્વાનોમાં વિભિન્ન ધારણાઓ છે. નેપાલ શબ્દની ઉત્પત્તિ માટે સચોટ પ્રમાણ કંઈ જ નથી, પરંતુ એક પ્રસિધ્ધ વિશ્વાસ મુજબ આ શબ્દ 'ને' ઋષિ તથા 'પાલ' (ગુફા) મળીને બન્યો છે. એમ મનાય છે કે એક સમયે નેપાલની રાજધાની કાઠમાંડુ 'ને' ઋષિની તપસ્યાનું સ્થળ હતું. એમ કહેવાય છે કે 'ને' ઋષિના વસવાટ તથા પાલનના કારણે આ ભૂખંડનું નામ નેપાલ પડયું. નેપાલ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કૌટિલ્ય એ તેના અર્થશાસ્ત્રમાં કર્યો છે.

નેપાલની સંસ્કૃતિ તિબ્બત તથા ભારત સાથે મળતી-ઝૂલતી આવે છે. અહીંની વેષ ભૂષા, ભાષા તથા પકવાન વગેરે એક જેવા જ છે. નેપાલનું સામાન્ય ભોજન એટલે

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

ચણાની દાળ, ભાત, શાકભાજી, અથાણા વગેરે છે. આ પ્રકારનું ભોજન સવારે તથા રાત્રે બંને સમયે ખાવામાં આવે છે. ખાવામાં ચેવડો તથા ચ્હાનું પણ ચલણ છે. માંસ, માછલી તથા ઈંડા પણ ખાય છે. હિમાલય તરફના પ્રદેશમાં ઘઉં, મકાઈ, કોદો, બટાટા વગેરેનું ભોજન તથા તરાઈમાં ઘઉંની રોટલી પ્રચિલત છે. કોદોમાથી બનતા માદક પદાર્થ તોંગબા, છયાડ, રકસી વગેરેનું સેવન હિમાલયના પ્રદેશમાં પુષ્કળ થાય છે. ત્યાં નો નેવાર સમુદાય તેમના વિશેષ પ્રકારના નેવારી પદાર્થોનું સેવન કરે છે.

નેપાલી સામાજીક જીવનની માન્યતા, વિશ્વાસ તથા સંસ્કૃતિ હિંદુ ભાવાના પર આધારિત છે. ધાર્મિક સહિષ્ણુતા તથા જાગતિક સહિષ્ણુતાનું અંદરો અંદરના આશ્રિત સંબંધ નેપાલની પોતાની મૌલિક સંસ્કૃતિ છે. અહીંના તહેવારોમાં વૈષ્ણવ શિવ (શિવભક્ત), બૌધ્ધ, શાકત બધા ધર્મનો પ્રભાવ એકબીજા પર સમાન રૂપથી પડયો છે. કોઈપણ એક ધાર્મિક તહેવારને ધર્મ-આધારિત વિશેષ કહેવો તથા અલગ પાડવો બહુ જ કઠિન છે. બધા જ ધર્મના લોકો આપસમાં મળીને ઉલ્લાસમય વાતાવરણમાં બધા જ પર્વમાં ભાગ લે છે. નેપાલમાં છુઆછુત નો ભેદ કટ્ટર રૂપમાં છે કે ન જન્મસંસ્કારના આધાર પર ત્યાંની શક્તિપીઠો જેવી કે ગુહ્યેશ્વરી દેવી, શોભા ભગવતી વગેરે ચાંડાલ, ભંગી, ચમાર, દેવપાલ વગેરેના પૂજારીઓ કાર્ય કરતા હોય છે.

**નેપાલમાં વિભિન્ન ધર્મ (૨૦૧૧) ની ગણતરી મુજબ**

| ધર્મ | પ્રતિશત (ટકાવારી) |
|---|---|
| હિંદુ | ૮૧.૩૧% |
| બૌધ્ધ | ૯ % |
| મુસલમાન | ૪.૪ % |
| કિરાત મુન્ધુમ | ૩.૦ % |
| ઈસાઈ | ૧.૪૨% |
| અન્ય | ૯% |

નેપાલ એક નાનુ સ્વતંત્ર રાષ્ટ્ર છે, પરંતુ જાતિના આધાર પર નેપાલની મિત્ર રાષ્ટ્ર ભારતના સમાન વિભિન્ન જાતિના રહેવાના એક અજાયબઘર જેવું છે. નેપાલના ઉત્તરીભાગમાં ભોટિયા, તામા, લિંબુ, શેરપા, મહાભારત શૃંખલા પ્રદેશમાં મગર, કિરાત, નેવાર, ગુરુ, સુનુવાર તથા ભીતરી તરાઈ ક્ષેત્રમાં ધિમાલ, થારુ, મેચૈ દનવાર વગેરે જાતિઓ ની બહુમતી વિશેષ રૂપમાં ઉલ્લેખનીય છે. ઠાકુર, ખસ, જેવી ક્ષત્રિય જાતિઓ તથા બ્રાહ્મણોની સંખ્યા નેપાલમાં જ્યાં-ત્યાં ઘણી છે. નેપાલ દર્શન માટે પ્રવાસી ભારતીયની સંખ્યા પર્યાપ્ત માત્રમાં હોય છે.

ભારતના ઉત્તર માં વસેલું નેપાલ રંગોથી ભરપૂર એક સુંદર દેશ છે. અહીં જ બધું જ છે. જેની તમન્ના એક સામાન્ય પર્યટકને હોય છે. ‘દેવતાઓનું ઘર’ કહેવાતું નેપાલ વિવિધતાઓથી સભર છે. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે એક બાજુ અહીં બરફ આચ્છાદિત પર્વતમાળા છે, તો બીજી બાજુ તીર્થસ્થાન છે. રોમાંચક રમતો (ગેઈમ્સ) ના શોખીનો અહીંયા રિવર રાફટીંગ, રોક ક્લાઈમિંગ, જંગલ સફારી તથા સ્કીઈંગની મજા લઈ શકે છે.

લુંબિની એ મહાત્મા બુધ્ધનું જન્મ સ્થળ છે. અહીં સમ્રાટ અશોક દ્વારા સ્થાપિત અશોક સ્તંભ પર બ્રાહ્મી લિપિમાં પ્રાકૃત ભાષામાં બુધ્ધનું જન્મ સ્થળ હોવાનું વર્ણન કરતો શિલાપત્ર ઉપસ્થિત છે.

જનકપુર નેપાલનું પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ છે. અહીં સીતા માતાનો જન્મ થયો હતો. આ નગર પ્રાચીનકાળમાં મિથિલાની રાજધાની માનવામાં આવે છે.

મુક્તિનાથ વૈષ્ણવ સંપ્રદાયના પ્રમુખમંદિરોમાં એક છે. આ તીર્થ સ્થાન ભગવાન શાલિગ્રામ માટે પ્રખ્યાત છે.

કાઠમાંડુ શહેરથી ૨૯ કિલોમિટર ઉત્તર-પશ્ચિમમાં આવેલું કફની, રજાઓ ગાળવા માટેનું સુંદરતમ સ્થળ છે. અહીંથી હિમાલયનો ખૂબસુરત નજારો જોવાનો લ્હાવો છે. કફનીમાંથી ઘણી ઉંચી ઉંચી પર્વત ચોટીઓ જોવાનો લાભ મળે છે. જેમ કે ગણોશ હિમલ, ગૌરીશંકર (૭૧૩૪ મીટર), ચૌબા ભાકાર (૬૧૦૯ મીટર), મનસ્લુ (૮૧૬૩ મીટર), હિમાલચુલી (૭૮૯૩ મીટર), અન્નપૂર્ણા (૮૦૯૧ મીટર) વેગરે,

ભગવાન પશુપતિનાથનું ભવ્યાતિભવ્ય મંદિર

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS,
ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

કાઠમાંડુથી લગભગ ૫ કિલોમીટર ઉત્તર-પૂર્વ દિશામાં સ્થિત છે. બાગમતી નદીના કિનારે આ મંદિરની સાથે બીજા અનેક મંદિર બન્યા છે. મહર્ષિ વેદવ્યાસ દ્વારા ૫૫૦૦ ઈ.સ. પૂર્વે ભારતવર્ષમાં વિશ્વપ્રસિધ્ધ મહાકાવ્ય 'મહાભારત' રચાયું હતું. આમાં કુંતીપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ તથા દ્રૌપદી જ્યારે સ્વર્ગારોહણ કરી રહ્યા હતા ત્યારે તેઓ જે વિશાળ પર્વત શૃંખલાથી પસાર થયા હતા તે મહાભારત પર્વત શૃંખલાના નામથી ઓળખાય છે. તેવી જ રીતે જ્યાં કૈલાશનાથ આદિયોગી મહાદેવજી જ્યોતિર્લિંગ રૂપમાં પ્રગટ થયાં તે સ્થાન 'શ્રી પશુપતિનાથ' જ્યોતિર્લિંગ મંદિર તરીકે ઓળખાય છે. 'પશુપતિનાથ' જ્યોતિર્લિંગ દેવસ્થાન નેપાલમાં હિંદુઓનું પ્રમુખ અને પવિત્ર તીર્થસ્થળ ગણાય છે. ભગવાન શિવને સમર્પિત આ મંદિર દર વર્ષે હજારો દેશી-વિદેશી શ્રધ્ધાળુઓને આકર્ષે છે. આ મંદિર ત્યાંના ગોલ્ફ કોર્સ તેમજ એરપોર્ટ પાસે આવેલું છે.

નેપાલ દેશની પ્રાકૃતિક સંપત્તિનો ખજાનો એટલે રૉયલ ચિતવન રાષ્ટ્રીય ઉદ્યાન.

૯૩૨ વર્ગ કિલોમીટરમાં ફેલાયેલ આ ઉદ્યાન નેપાલની દક્ષિણ મધ્યમાં સ્થિત છે. ૧૯૭૩ માં તેને નેપાલના પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાનનો ખિતાબ પ્રાપ્ત થયો અને ૧૯૮૪ માં યુનેસ્કોએ તેને વિશ્વ ધરોહર નો ખિતાબ આપ્યો.

યુનેસ્કોનો વિશ્વ ધરોહરનો અન્ય ખિતાબ પ્રાપ્ત કરનાર છે. ૧૬ મી ૧૭મી શતાબ્દીમાં નિર્માણ પામેલ ભક્તપુરનો દરબાર સ્કકૈયર. એક શાહી મહેલ દરબાર તથા પારંપરિક નેવાડ, પૈગોડા શૈલીમાં બનેલા ઘણા મંદિર છે. સ્વર્ણ દ્વાર જે દરબાર સ્કકૈયરનું પ્રવેશ દ્વાર છે, ઘણું જ આકર્ષક છે. પ્રવેશ દ્વારને નિહાળીને અંદરની ખુબસુરતીની કલ્પના કરી શકાય. અંદાજ લગાવી શકાય.

નેપાલની રાષ્ટ્રીય તવારીખ, રાષ્ટ્રીઓ વસ્તુઓ આ પ્રમાણે છે. રાષ્ટ્રીય ફૂલ-લાલી ગુર્રાંસ, ધ્વજ-નેપાલનો નિશાન છાપ, રાષ્ટ્રીય પ્રાણી-ડાઁફે , રાષ્ટ્રીય પશુ-ગાય, રાષ્ટ્રીય ગીત 'सयौं थुँगा फूलका हामी' 'વાક્ય' - 'जननी जन्मभूमीश्च स्वर्गादपी गरीयसी' ખેલ-ભલિવલ, ભાષા-નેપાલી, પોશાક-દ્વૌરા સુરુવાલ, રંગ-સિમ્રિક, વિશિષ્ટ નેપાલી ભોજન-વ્યંજન- મોમો, પુલાવ, દાળ-ભાત, સેલ રોટી.


નેપાલ એક જ દેશ એવો છે જે સાર્વજનિક રજાઓનો ઓછામાં ઓછો આનંદ લે છે. સાપ્તાહિક રજા મોટા ભાગે શનિવારે હોય છે. મુખ્ય વાર્ષિક રજાઓમાં શહીદ દિવસ (૧૮ મી ફેબ્રુઆરી) તથા હિંદુ તેમજ બૌધ્ધ તહેવારોના મિશ્રણ હોય છે. નેપાલમાં દર વર્ષે ૧૩મી એપ્રિલે નૂતનવર્ષ મનાવાય છે.

નેપાલનો સમય ટાઈમઝોન ના આધાર પર નહીં પરંતુ માઉંટ એવરેસ્ટના આધાર પર ચાલે છે. જે વિશ્વ સમયથી ૪૫ મિનિટ પાછળ છે.

વિશ્વમાં નેપાલ જ એકમાત્ર એવો દેશ છે. જ્યાં તમે જીવતી-જાગતી દેવીના દર્શન કરી શકો છે જેને કુમારી કહે છે.

મૂળ રાષ્ટ્ર નેપાલના વતની હાલ મુંબઈ રહેવાસી અમારા ફેમિલી ફ્રેન્ડ ટિકારામ શર્મા (C.A.) ના માર્ગદર્શન હેઠળ આ લેખનું પ્રસ્તુતીકરણ થયું છે. આપનો ખૂબ ખૂબ આભાર, ધન્યવાદ. ✤✤✤


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

# પ્રવાસ પર્યટન

**તારીખ : ૧૨-૧-૨૦૨૦ને રવિવાર ☆ સ્થળ : સાયલન્ટ હિલ રિસોર્ટ, મનોર**

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે ઘણા વર્ષો પછી સંઘ ઉપરોક્ત સ્થળ પર પ્રવાસ પર્યટનનું આયોજન કરે છે.

**આ પ્રોગ્રામ માટેના મુખ્ય મહેમાન : શ્રીમતી નયનાબેન મનોજકુમાર શાહ (હાથીખાનાવાળા)**

**આ પ્રોગ્રામમાં આવનાર દરેક વ્યક્તિને એક આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.**

**તેના દાતાશ્રી શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર કડકીઆ તરફથી આપવામાં આવશે.**

**આ પ્રોગ્રામમાં નીચે મુજબ જણાવેલ વિવિધ સુવિધાઓનો સમાવેશ કરેલ છે.**

- બસમાં ચાહ-કૉફી અને બિસ્કીટ, મીનરલ વોટર
- રીસોર્ટમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનો ચાહ-નાસ્તો અને રાત્રીનું ભોજન.
- બસમાં અને રીસોર્ટમાં વિવિધ રમતોનું સારા આકર્ષક ઈનામ સાથે આયોજન કરેલ છે. રીસોર્ટમાં સ્વીમીંગ પુલની પણ મઝા માણવાની છે.
- એ.સી. બસમાં પ્રવાસ માણવાનો રહેશે.

**Packg Cost. રૂા. ૧૪૦૦ એમાંથી રૂા. ૪૦૦ રૂપિયા વ્યક્તિ દીઠ સંઘ તરફથી સબસીડી આપવામાં આવશે. જેથી રૂા. ૧૦૦૦ વ્યક્તિ દીઠ ખર્ચ આવશે. જેમાં ઉપર જણાવેલ તમામ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.**

**નોંધ** : ઉપરોક્ત પ્રોગ્રામમાં વહેલા તે પહેલા ધોરણે ૧૫૦ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવશે. જેમણે આ પ્રવાસનો લાભ લેવો હોય, તેમણે નીચે જણાવેલ સ્થળોએ પોતાના નામ, મોબાઈલ નંબર વ્યક્તિ દીઠ નોંધાવવા તથા તે મુજબ રૂપિયા આપવા.

**નામ નોંધાવવાની તારીખ : ૧ ડીસેમ્બર થી ૧૫ ડીસેમ્બર**

**નામ નોંધાવવાના સ્થળ :**

- **મુંબઈ ખાતે : મયુર ટ્રેડીંગ કોર્પોરેશન**, ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ-૪૦૦૦૦૩. **મોબાઈલ** - ૯૮૨૦૪૩૯૧૩૪ / ૨૩૪૨૮૭૮૫ ❖ **સમય** - સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી
- **અંધેરી : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી** - બી-૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ) **મોબાઈલ નંબર** - ૯૮૧૯૩૪૨૮૫૬ ❖ **સમય** - ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી
- **મલાડ : શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી** - બી-૪/૪૬, ધી મલાડ કો.ઓપ.સો.લી, ૧ લે માળે, પોદાર રોડ, મલાડ (વેસ્ટ). **મોબાઈલ** - ૯૮૨૦૦૭૩૧૬૪ ❖ **સમય** - સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી
- **કાંદિવલી : શ્રી વસંત નટવરલાલ દેસાઈ** - ૩૦૩-એ, શત્રુંજય બિલ્ડીંગ, પટેલ નગરની પાછળ, કાંદિવલી (વેસ્ટ). **મોબાઈલ** - ૯૮૨૧૦૫૪૩૨૯ ❖ **સમય** - સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી
- **બોરીવલી : શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ** - ૩૦૨, શ્રી વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ). **મોબાઈલ** - ૯૮૧૯૧૮૩૩૭૯ ❖ **સમય** - સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી

| મંત્રી | સંયોજક |
|---|---|
| શ્રી ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭ | શ્રી ઉર્મિલ કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯ |

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

# ૬૮ મો વાર્ષિક રસોત્સવ

## મુખ્ય મહેમાન : શ્રી મહેશભાઈ નટવરલાલ મોદી (શહેરાવાળા)



**શ્રી મહેશભાઈ મોદી**

શ્રી નટવરલાલ સાંકરલાલ મોદી (શહેરાવાળા) તથા તારાબેનના ચાર સંતાનોમાં બે દીકરા અને બે દીકરીમાં જ્યેષ્ઠ પુત્ર એટલે શ્રી મહેશભાઈ. તેમનો જન્મ મુંબઈ મુકામે તા. ૨૧-૧૧-૧૯૫૧ માં થયો. S.S.C., નું શિક્ષણ પ્રાપ્ત કરી પિતાશ્રી સાથે ધંધામાં જોડાઈ ગયા.

શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીઆ (લટકારી)ની સુપુત્રી શ્રીમતી રીટાબેન સાથે ૧૮-૫-૧૯૭૩ના રોજ લગ્નગ્રંથીથી જોડાયા. રીટાબેન સાથે લગ્ન જીવન સહેવાસ દરમ્યાન બે દિકરા જેમાં ચિ. સૌમીલ તથા ચી. રુનીત જેવા સુંદર સંતાનોના પિતા બન્યા. સૌમિલના લગ્ન હેતલ સાથે કરી તેમનાં બે સંતાનો પુત્રી શ્રેયા અને પુત્ર પૃથ્વીજ સાથે નવી મુંબઈમાં રહે છે. તેઓ પિતાશ્રી સાથે ધંધામાં જોડાયેલા છે. ચિ. રુનીતના લગ્ન માનસી સાથે કરી તેમની પુત્રી દીનાલી સાથે તેઓ પિતાશ્રી સાથે રહે છે અને તેઓ વર્લ્ડ વાઈડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (ઈન્ટરનેશનલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ) નો સ્વંતત્ર વ્યવસાય કરે છે.

શ્રી મહેશભાઈ તેમના ભાઈ શ્રી દિનેશભાઈ સાથે પિતાશ્રીના ધંધામાં મેસર્સ મહેશ ઈન્ડસ્ટ્રીઝ (રબાલે) નવી મુંબઈમાં ફલાનજીઝ ની ફેક્ટરીને આગળ ધપાવી રહ્યા છે. તેઓના ભાઈ શ્રી દિનેશભાઈના લગ્ન શ્રીમતી કુમુદબેન પ્રવીણચંદ્ર ગાંધી (પાકા) ની સુપુત્રી શ્રીમતી સ્નેહલ સાથે થયા છે. લગ્ન જીવનના સહવાસ દરમ્યાન દિકરો ચિ. કૃતેષ અને દિકરી ચિ. ક્રીનીતા જેવા સુંદર સંતાનોના પિતા બન્યા. ચિ. કૃતેષના લગ્ન ખુશી સાથે કરી તેઓ પિતાશ્રી સાથે રહી અને ધંધામાં જોડાયેલા છે. અને દિકરી ચિ. ક્રીનીતાના લગ્ન પ્રતિક સાથે કરી તેઓના સંતાન ક્રીયાંશ સાથે મુંબઈમાં રહે છે.

શ્રી મહેશભાઈની બે બહેનો શ્રીમતી રક્ષાબેન જીતેન્દ્ર સાંકરલાલ મોદી (સારંગી) તેઓ અમેરિકામાં સ્થાયી છે. અને શ્રીમતી અનિલા ભગીરથ કાંતીલાલ કડકીઆ (ઓટલાવાળા) તે મુંબઈ ખાતે સ્થાયી છે.

બાલાસિનોર નવયુવક સંઘને આવા સરળ અને ઉમદા દિલના શ્રી મહેશભાઈને મુખ્ય મહેમાન તરીકે મેળવવા બદલ સંસ્થા ગૌરવ લાગણી અનુભવે છે.

**મંત્રી - ભાવેશ બિપીન મોદી** | **સંયોજક - તેજસ હેમેન્દ્ર શાહ**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત**

# ૬૮ મો વાર્ષિક રસોત્સવ

**મુખ્ય મહેમાન : શ્રી મહેશભાઈ નટવરલાલ મોદી (શહેરાવાળા)**

# નવું નાટક

**રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૯ ● સમય : સવારે ૦૯.૩૦ કલાકે**

**સ્થળ : પ્રબોધન ઠાકરે નાટ્યગૃહ, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨**

## ટિકીટનું વિતરણ તા. ૩-૧૧-૨૦૧૯

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે. સમય સવારે ૯.૦૦ થી ૧૧ કલાકે**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ : શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી** – બી ૧/૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), મો.- ૯૮૧૯૩૪૨૮૫૬

૩) **મલાડ થી કાંદિવલી – કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)**, એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મો.- ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરીવલી થી વિરાર – તેજસ હેમેન્દ્ર શાહ (ચકવા)** – સી-૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ). મો.- ૯૩૨૪૩૫૦૭૩૫

૫) **વિતરણ બાદ વધેલી ટિકીટો નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત થશે.**

**શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૩

ફોન : ૨૩૪૦૦૫૦૨. **સમય :** સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી

**સંપર્ક : સૌમિલ જીતેન્દ્ર મોદી - ૯૯૨૦૨૧૩૪૨૬. સમય :** ૧૧ થી ૫

**મંત્રી - ભાવેશ બિપીન મોદી** **સંયોજક - તેજસ હેમેન્દ્ર શાહ**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**


**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



LAUG AND TOOLS




**શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં સ્વર્ગીય કુસુમબેન નવનીતલાલ શાહ (અહોડી) હસ્તે - શ્રી નિલેશ નવનીતલાલ શાહ (અહોડી) તરફથી આંતરિક રમત-ગમત યોજનામાં રૂપિયા ૩,૭૫,૦૦૦/-નું માતબર દાનનું વચન પ્રાપ્ત થયું છે. આ યોજના હવેથી શ્રી દક્ષેશભાઈ / શ્રી મિનિષભાઈ કડકીઆ (કડકીયા એન્ટપ્રાઈઝ) તથા શ્રીમતી કુસુમુબેન નવનીતલાલ શાહ (અહોડી) આંતરિક રમત-ગમત યોજના રહેશે.**

**તા. ૬-૧૦-૨૦૧૯ના રોજ મુંબઈ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટની એક ઝલક**



# TUSHAAR DAWDA & ASSOCIATES

STRUCTURAL AUDITORS | CONSULTING CIVIL ENGINEERS | REPAIRS & REHABILITATION CONSULTANTS

TDA

**TUSHAAR Y. DAWDA, CIVIL ENGINEER ( B. TECH ), I.I.T. BOMBAY**

## Registration & Membership

• BMC Licensed Structural Engineer • BMC Licensed Surveyor ( At par with Architect ) • Institution of Engineers – M.I.E., Chartered Civil Engineer • PEATA • American Concrete Institute (India Chapter) • Indian Society of Structural Engineers

## Services

• Structural Auditing ( Inspection above False ceiling **WITHOUT BREAKING;** and External Areas of High Rise Buildings with **SPECIAL EQUIPMENTS** ) • Consultation for Repair Works • NDTs • Waterproofing • Tendering • Estimation • Monitoring • **LEAKAGE DETECTION** (using **GLOBALLY ACCLAIMED** instruments for **WATER** leakages)

**INTERIOR DESIGN AND EXECUTION WORKS UNDERTAKEN**

## Clientele

• Ambuja Cement • Royal Bombay Yacht Club, Gateway of India • Bombay Gymkhana • Mahalaxmi Chambers, near Breach Candy • Marol Church • Anjuman-I-Islam, C.S.M.T. • Holy Cross Church, Prabhadevi • Automotive Manufacturers', dealers of Maruti and Ashok Leyland • Parvati Industrial Premises, near Shah & Nahar, Lower Parel • Dudhwala Builders • Casby Group • Regal Cinema • A.H. Wadia Baug C.H.S.L., 4 Bldg. – 8 Floors and 1 Bldg. – 10 Floors • Odyssey – 1 C.H.S.L. – 27 storey tower at Hiranandani, Powai



Anjuman-I-Islam College, C.S.M.T.



Royal Bombay Yacht Club, Gateway of India



Mahalaxmi Chambers, Near Breach Candy



Odyssey – 1, Hiranandani, Powai

B- 102, Giridwar Apartment, Near P.N.B. A.T.M., Mathuradas Road, Kandivali (W), Mumbai – 400067.

Ph. : +91 98672 52867 / +91 22 28085542.


E-mail : tushaardawda@gmail.com. Website : tushaardawda.com.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી)
## વસતી પત્રક સમિતિ - વર્ષ - ૨૦૧૯-૨૦

| | | |
|---|---|---|
| ૧) | ઉર્મીલ નવીનચંદ્ર કડકિયા | (સંયોજક) |
| ૨) | શ્રી દર્શન હરીશ પરીખ | (સહ સંયોજક) |
| ૩) | શ્રી મનોજ રસિકલાલ પરીખ | સભ્ય |
| ૪) | શ્રી જગદીશ શાંતિલાલ પરીખ | સભ્ય |
| ૫) | શ્રી દીપક નવનીતલાલ શાહ | સભ્ય |
| ૬) | શ્રી પ્રશાંત સુરેશચંદ્ર પરીખ | સભ્ય |
| ૭) | શ્રી વસંત નટવરલાલ દેસાઈ | સભ્ય |
| ૮) | શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય |
| ૯) | શ્રી તેજસ હેમેન્દ્ર શાહ | સભ્ય |
| ૧૦) | શ્રી કમલેશ ચંદ્રકાન્ત દોશી | સભ્ય |
| ૧૧) | શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીયા | સભ્ય |
| ૧૨) | શ્રી દિક્ષીત કિર્તનલાલ પરીખ | સભ્ય |

### હોદ્દેદારો

| | | |
|---|---|---|
| ૧) | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | (ઉપ પ્રમુખ) |
| ૨) | શ્રી ભાવેશ બિપિન મોદી | (મંત્રી) |
| ૩) | શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીયા | (સહ મંત્રી) |
| ૪) | શ્રી જીગર મણિકાંત કડકિયા | (સહ મંત્રી) |






NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

Sankalp Astrologist & Palmist

તથા

દક્ષેસ ભટ્ટ

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯
Email : gopaljbhatt@yahoo.co.in • bhattgopal59@gmail.com
✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨

belstone

Pure Veg



**LOCATE US :**

**Borivali**
Shop 1 To 5, Shripal Apartment, Satya Nagar, Near Malpani Ground,
Borivali West, Mumbai
Ph: +91 82916 14092 I 82916 14093

**Lalbaug**
92 D, Sudama Bhavan, Dr. Babasaheb Ambedkar Road, Lalbaug,
Parle, Mumbai
P: +91 70453 16057 I 70453 16712

Follow us on: @belstone009

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## નવરાત્રી કાર્યક્રમ અહેવાલ

મહિલા વિભાગ દ્વારા તા. ૨૧-૯-૨૦૧૯ શનિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે હિન્દી વિદ્યાભવન ખાતે નવરાત્રીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં આવનાર બહેનોને ચ્હા-કોફી આપવામાં આવ્યા હતા.

મહિલા વિભાગને શ્રીમતી હેમલતાબેન ગોપાલદાસ કડકિયા તરફથી રૂા. ૮૦૦૦, શ્રીમતી ભાવિનીબેન નિશીથભાઈ પરીખ તરફથી તેમના 'બન્કો જન્કો' બ્રાન્ડના ૬ ડ્રેસ મટીરિયલ, સ્વ. શકુંતલાબેન સુરેન્દ્રભાઈ ગાંધી તરફથી રૂા. ૨૦૦૦ તથા શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદભાઈ ગાંધી તરફથી રૂા. ૨૦૦૦ ઈનામો આપવા માટે મહિલા વિભાગને આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ સૌ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

બપોરે ૨.૩૦ કલાકે Star beat' Orchertra ના તાલે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ કોમન રાઉન્ડ રમાડવામાં આવ્યો હતો અને ત્યારબાદ ઉમર પ્રમાણે ગ્રુપ બનાવી હરિફાઈ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

આઠ વર્ષની નીચેના ભાગ લેનાર દરેક બાળકોને મહિલા વિભાગ તરફથી Bag, Cake અને Drink આપવામાં આવ્યા હતા.

**ગ્રુપ – ૧ (૦ – ૭ વર્ષ)**

(૧) અનાયા વખારીયા (૨) હિનાલી પરીખ

**ગ્રુપ – ૨ (૮ – ૧૭ વર્ષ)**

(૧) હિયા શાહ (૨) તવીશા પરીખ

**ગ્રુપ – ૩ (૧૮ – ૩૦ વર્ષ)**

(૧) કોમલ શાહ (૨) અમી દેસાઈ

**ગ્રુપ – ૪ (૩૧ – ૪૫ વર્ષ)**

(૧) મારીષા વખારીયા (૨) કેયુરી મોદી (૩) પરીતા કડકીયા (૪) પાયલ પરીખ (૫) જીજ્ઞા મહેતા (૬) હેમા પરીખ

**બેસ્ટ Dress-Up**

(૧) મોનાલી કડકિયા (૨) ઝંખના ધારીયા (૩) શીતલ મોદી (૪) વર્ષા પરીખ

### All Over

(૧) મોનીકા શાહ (૨) અદિતી કડકીયા (૩) હેની પરીખ

**ગ્રુપ – ૫ (૪૬ – ૬૦ વર્ષ)**

**Beat Performance**

(૧) નીષ્મા શાહ (૨) દિપા પરીખ (૩) જસ્મીના શાહ (૪) રૂપલ કડકીયા (૫) તૃપ્તી મોદી

**Best Dress-up**

(૧) પિંકી દેસાઈ (૨) દીના કડકીયા (૩) સંગીતા મહેતા (૪) તૃપ્તી દેસાઈ (૫) રૂતી કડકીયા

**ગ્રુપ – ૬ (61 and Above)**

**Best Perfomance**

(૧) અરૂણા શાહ (૨) પલ્લવી દોશી (૩) રશ્મી પરીખ (૪) સ્મિતા પરીખ (૫) નીતા દોશી (૬) પન્ના પરીખ (૭) માલીની દેસાઈ

**Best Dress up**

(૧) ભાવના દેસાઈ-૬૪ (૨) રક્ષા મોદી-૭૩ (૩) રેખા દેસાઈ

KAYCEE KI
pla
BRISK
RGK MARQUARDT
MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL
select
BOHMEN
HIKSON
CE
ETI
UPGREEN CORPORATION
ELMECO
ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com www.modyelectrotraders.com

**Over All**

(૧) ભાનુબેન પરીખ-૮૪

લ્હાણીના રૂા. ૧૫૦/- લઈ કાચનાં ૬ ગ્લાસ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે છોલેપુરી, વેજીટેબલ રોલ, ગુલાબજાંબુ તથા કોલ્ડડ્રીંકને ન્યાય આપી સહુ છુટા પડયા હતા. બહેનો તથા બાળકોએ ખુબ જ શિસ્તબદ્ધ રીતે કાર્યક્રમને માણ્યો હતો. તે બદલ મહિલા વિભાગ સહુનો હૃદયપૂર્વક આભાર માને છે અને આશા રાખે છે કે ભવિષ્યમાં પણ આવો જ સહકાર આપતા રહેશો.

**તા.ક. :** કાર્યક્રમમાં ફક્ત મહિલા વિભાગની સભ્ય બહેનોને જ એન્ટ્રી મળશે.

## આગામી કાર્યક્રમ

### દિવાળી સ્નેહ સંમેલન

**કાર્યક્રમના મુખ્ય મહેમાન**

**શ્રીમતી ઉર્વશીબેન જયેન્દ્રભાઈ ગાંધી**

**તારીખ :** ૧૧ મી નવેમ્બર ૨૦૧૯, સોમવાર
**સમય :** ૨.૩૦ કલાકે, બપોરે
**સ્થળ :** ભારતીય વિદ્યાભવન, ચોપાટી

આ કાર્યક્રમના પાસ વહેલો તે પહેલો ના ધોરણે તા. ૫ મી નવેમ્બર ૨૦૧૯ના રોજ બપોરે ૩ થી ૫ માં રૂા. ૨૦૦/- લઈ એક બહેનને ૬ મેમ્બરશીપ કાર્ડ ઉપર ૬ પાસ સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે.

**મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - કૃપા દેસાઈ - ૯૮૧૯૫૭૧૯૮૪**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

## મહિલા વિભાગ

## દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ

### મુખ્ય મહેમાન - શ્રીમતી ઉર્વશીબેન જયેન્દ્રભાઈ ગાંધી



બાલાસિનોર દશાનિમા વણિક જ્ઞાતિના વૈષ્ણવ પિતાશ્રી કિશનલાલ લલ્લુભાઈ મોદી તથા માતુશ્રી તારાબેન (જેઠાજવેર) ના ઘરે બાલાસિનોર મુકામે ઉર્વશીબેનનો જન્મ ૧૯૪૭માં થયો હતો. તેમણે બાલાસિનોરની શાળામાં મેટ્રીક સુધી અભ્યાસ કર્યો હતો.

તેઓએ સ્વ. મણીબેન વલ્લભદાસ ગરબડદાસ ગાંધીના સુપુત્ર શ્રી જયેન્દ્રભાઈ ગાંધી સાથે ૧૯૬૮માં લગ્નગ્રંથી થી જોડાઈ મુંબઈમાં કાયમી નિવાસ કર્યો. ઉર્વશીબેનના પરિવારમાં પુત્રી શ્રીમતી કૃપાબેન તથા જમાઈ શ્રી અમિશભાઈ દેસાઈ તથા બે પુત્ર શ્રી સમીરભાઈ અને નિકેશભાઈ (C.A.), પુત્રવધુ શ્રીમતી રીટાબેન અને શ્રીમતી જસ્મીનબેન તથા પૌત્રી હિયા અને પૌત્ર યુગ છે. તેઓના ત્રણેય સંતાનો વિવિધ સામાજિક સંસ્થાઓમાં સક્રિય છે.

ઉર્વશીબેન સ્વભાવે શાંત અને મિલનસાર, ખુબ જ ધર્મિષ્ઠ, કુટુંબ વત્સલ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવે છે. સત્સંગ અને ધાર્મિક પ્રવૃત્તિ તેઓના જીવનનું મહત્વનું અંગ છે. તેઓ પ્રવાસ પર્યટન અને વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લે છે.

આવા ઉદારદીલ દાતા માટે મહિલા વિભાગ એમનો તથા એમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

# D P ZAVERI JEWEL

GOLD & DIAMOND JEWELLERY | UNCUT DIAMOND JEWELLERY



THE JEWEL WORLD
G-15, COTTON EXCHANGE BUILDING, ZAVERI BAZAR – KALBADEVI,
MUMBAI – 400002.
NAKKUL ZAVERII | JHEEL ZAVERI
+91 8655119400
Office No- 022-60605850 | 022-22415850
Email Id- nakkulzaverii@gmail.com

# શુકન સરળતા

✍ તંત્રી મંડળ તરફથી

સરળ સ્વભાવવાનો મનુષ્ય બહારથી તેમજ ભીતરમાં અથવા મનસા-વાચા-કર્મણા એક સરખાં હોય તેના મનમાં એક અને બહારથી બીજી વાત એમ નથી હોતું. તે બનાવટ, છળ-કપટ અથવા કુટિલતાથી વ્યવહાર નથી કરતો. આથી લોકો તેનાથી નિશ્ચિંત રહે છે અને તેની સાચી-ભોળી વાતો ઘણી જ પ્યારી લાગે છે. સરળ સ્વભાવવાળી વ્યક્તિ જો કોઈક વખત એવી વાત કરી દે જે લોકોને પસંદ ન પણ હોય છતાં લોકો તેનાથી એટલા બધા નારાજ નથી થતા જેટલા છળકપટ કરવાવાળી વ્યક્તિથી થાય છે કારણ કે તેઓ જાણે છે કે આ વ્યક્તિનું મન સાફ છે, એણે અમને છેતરવાના અથવા તે અમારી પડતીના આશયથી આવું નથી કહ્યું પરંતુ અમારા માટે તેનું જે મંતવ્ય હતું તે તેણે પોતાના સરળ સ્વભાવથી કરી દીધું છે. જો થોડા સમયને માટે તેની કોઈ વાતની નારાજગી પ્રગટ કરે તો પણ થોડા સમય પછી તેમનું મન અંદરથી તેમને કહે છે કે, 'આવા સરળ અને સાચા માણસથી આ પ્રમાણે નારાજ થવું અથવા તેને કાંઈ અયોગ્ય કહેવું તે યોગ્ય નથી.' તેઓ તરત જ પોતે જ સામેથી તેની સાથે સ્નેહ જોડે છે કારણ કે તેની સરળતા, સચ્ચાઈ, મનની સફાઈ તેમજ ભોળપણ તેમને આકર્ષિત કરે છે.

### સૌભાગ્યશાળીના પગેલ પગેલ કમળ કમળ

જે મનુષ્ય મહાન અથવા સૌભાગ્યશાળી હોય છે તેના પગમાં કમળ (પદ્મ) નું ચિન્હ હોય છે. તેના પર આધ્યાત્મિક જ્ઞાનની દ્રષ્ટિથી વિચાર કરવામાં આવે તો 'પગલામાં કમળ'નો ભાવાર્થ દરેક કાર્યમાં પવિત્રતા હોવી અથવા ચાલચલગતમાં દિવ્ય ગુણો હોવા જોઈએ. કેમ કે કમળ પવિત્રતા અને દિવ્યતાનું પ્રતીક છે. અને પ્રવિત્રતાથી જ મહાનતા તથા સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

જે માણસના પગલામાં કમળ હોય છે, તેના દરેક પગલામાં પદ્મોની પણ કમાણી થાય છે. અર્થાત દરેક દિવ્ય ગુણ રૂપિયાના મૂલ્યની બરાબર છે. દાખલા તરીકે 'ત્યાગ' રૂપી ગુણ પર વિચાર કરીએ. જ્યારે સંન્યાસી લોકો ત્યાગ કરે છે ત્યારે પદ્મપતિ (ભાગ્યશાળી) લોકો પણ તેમના ચરણમાં નમે છે. ત્યાગથી મનુષ્યને ઉચ્ચ ગતિ પ્રાપ્ત થાય છે કે રાજા લોકો પણ તેના માટે રાજ્ય છોડી જાય છે. આ રીતે સહનશીલતા પણ બહુ અમૂલ્ય ગુણ છે. મહાત્મા ગાંધી, ભારતના અન્ય નેતાઓ તથા આઝાદીની લડતના સૈનિકોને વિદેશીઓના જુલ્મોને સહન કર્યા અને તેના ફળસ્વરૂપ કરોડો રૂપિયાની સંપત્તિવાળા સમગ્ર ભારત દેશને જેમાં દેશી રાજાઓનાં પણ રાજ્ય હતા. પોતાના હાથમાં કરી લીધા. આજે મહાત્મા ગાંધીના નામ ઉપર ગાંધી મેમોરિયલ (હૉલ), ગાંધી સદન, મહાત્મા ગાંધી રોડ શહેરમાં કરોડો રૂપિયાના સ્મારક વગેરે બનેલા છે.

ગંભીરતાનો ગુણ પણ કોરોડ રૂપિયાના મૂલ્યવાળો છે. જો દેશના સેનાપતિ, વડાપ્રધાન વગેરે ગંભીર ન હોય તો તે દેશના છુપાં રહસ્યો બીજાઓને બતાવી દેનારા અથવા પૂરી રીતે વિચાર કર્યા વિના કોઈ નકામી (હલકી) વાત કહેનાર અથવા કરનાર હોય તો દેશની સેના, પૂરતા સાધનો હોવા છતાં પણ હારી જાય છે અને દેશના બીજા દેશો સાથેના સંબંધ તૂટી જાય છે.

ધીરજથી જો કોઈ વાત પર વિચાર ન કરવામાં આવે તો ઉતાવળમાં મનુષ્યનો જીવ પણ જતો રહે છે અને દેશના લોકો જો આપત્તિમાં ધીરજથી કામ ન લે તો રક્તપાત, અસાજકતા અને કરોડો રૂપિયાની સંપત્તિનો નાશ થાય છે. ધીરજ અને થાક્યા વગર સતત સેવાથી રાષ્ટ્ર મહાન થાય છે. તથા કરોડો અબજો રૂપિયાની સંપત્તિ દર વર્ષે પેદા કરી શકે છે. એથી ગુણવાન વ્યક્તિના પગલે પગલે કમળ પણ છે અને સંપત્તિ પણ છે.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



**પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી** અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્ક્વેઅર બિલ્ડીંગ, ફિદાઈ ઍકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

**ઈશ્વર કહે છે તમારી ત્રણ વસ્તુઓ મને આપી દો.**

પ્રભુ કહે છે ! હું તમારી પાસે કોઈ કામની વસ્તુ નથી માંગતો. હું ફક્ત એટલું જ કહું છું કે તમે ભલે આઠ કલાક કામ ધંધો કરો અને આઠ કલાક આરામ ઊંઘમાં વિતાવો પરંતુ બાકી જે આઠ કલાક બચે છે તે નકામા ગપ્પા લગાવવામાં ન વાપરી આ સમયનો સદઉપયોગ કરો. ઈશ્વરીય જ્ઞાન અધ્યયનમાં, યોગાભ્યાસમાં જેનાથી નિકટ રહેવાશે , પ્રભુની પ્રાપ્તિ થશે.

બીજું તમે ધન મારફતે તમારી પોતાની જરૂરિયાતો જરૂર પૂરી કરો. વધારાનું ધન તમે જે ચારિત્ર્ય બગાડનારા વ્યસનોમાં લગાવો છો, તે ધન પોતાના તથા બીજાના આત્માઓના આત્મિક કલ્યાણમાં લગાવો.

ત્રીજું હું શું કહું છું કે જે કામ, ક્રોધ વગેરેને કારણે તમે ગરીબ બન્યા છો, આ દુઃખદાયક સંસ્કારો મને આપી દો તેથી તમારું મન ખાલી થવાથી તેમાં પવિત્રતાના દિવ્યગુણ, સુખ શાંતિનો ખજાનો ભરી શકું !

---

# ગાંધીજી ગાંધીજીના આદર્શ વિચાર તથા વાણી ૧૫૦મી વર્ષગાંઠ

૧) સત્યનાં દર્શનને માટે સંતોનું ચરિત્ર વાચવું અને તેનું મનન કરવું આવશ્યક છે.
૨) સંતોની વાણી સાંભળો, શાસ્ત્ર વાંચો, વિદ્વાન થઈ જાઓ, પણ જો ઈશ્વરને હૃદયમાં સ્થાન ન આપ્યું તો કાંઈ ન કર્યું.
૩) વ્યાધિને મટાડનારો વૈદ એક રામ જ છે એમ સમજીએ તો ઘણી માથાકૂટમાંથી બચી જઈએ.
૪) વૈદોને ડૉક્ટરો જે મરે છે તેમની પાછળ આપણે ભાગીયે છીએ, પણ રામ જે મરતો નથી. હંમેશા જીવે છે અને જે અચુક વૈદ છે તેને ભૂલી જઈએ છીએ આ આશ્ચર્યની વાત છે.
૫) આપણે છીએ કેમ કે ઈશ્વર છે
૬) માળા ફેરવનાર માને કે માળામાં જ સર્વસ્વ છે. તો માળા ફેંકી દેવી જોઈએ. જો માળા એને પરમાત્માની નજીક લઈ જતી હોય તો ભલે ફેરવે.
૭) આપણે ‘મરતા’ નથી, ઘરે જઈએ છીએ અહીં તો થોડા દિવસ માટે છીએ.
૮) ભૂલ દબાવી દઈએ તો ગુમડાની પેઠે ફૂટે છે
૯) માણસની શાંતિની કસોટી સમાજમાં જ થાય, હિમાલયની ટોચ પર નહીં.
૧૦) અનાસક્ત કાર્ય એ ભગવાનની ભક્તિ છે.
૧૧) જો બધો સમય ભગવાનનો હોય તો એક ક્ષણ પણ નકામી કેમ જવા દેવાય ? જો આપણે ભગવાનના હોઈએ તો આપણા શરીરનો એક ભાગ પણ મોજશોખમાં કેમ આપીએ ?
૧૨) વિપત્તિ આપણને નમ્ર બનાવે છે.
૧૩) દરિદ્રમાં દરિદ્રની સેવા કર્યા વિના આત્મ સાક્ષાત્કાર થવો અશક્ય છે.
૧૪) માનવ જાતિથી ભિન્ન એવી રીતે હું ઈશ્વરને જોઈ ન શકું.
૧૫) મૂર્તિપૂજાની ભીતરમાં રહેલી ભાવનાની હું ભારે કિંમત આકું છે.
૧૬) હજારો મંદિરો વગેરે પુણ્યધામોને મારા જાનના જોખમે બચાવવાની શક્તિ મારામાં હોય એવું હું ઈચ્છું.
૧૭) હું કાંઈ કરવાને સમર્થ નવી એનું મને ભાન છે.
૧૮) ઈશ્વર મારી પાસે સર્વ કંઈ કરાવે છે, પછી મને દુઃખ કેવું ?
૧૯) ઈશ્વર જે કંઈ કરાવે છે તે મારા ભલા માટે જ છે એ પણ હું જાણું છું.
૨૦) ઈશ્વરે મને તરછોડયો હોય એવો એક પણ દાખલો મને યાદ નથી
૨૧) જો દરેક પોતાની જરૂર જેટલું જ લે અને વધારે ન લે તો દુનિયામાં ગરીબાઈ ન રહે અને કોઈ ભૂખ્યો ન રહે.

Selected Business Superbrand India 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS



- Electrical Wires – Housegard & Hotgard
- Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard
- Single & Multi Core Flexible Cables
- Single Core Flexible Cables for UPS Cabling
- PVC Winding Wires & 3-Core Flat Cables
- Trunk & Distribution CATV Cables
- Branch & Drop Co-axial Cables
- 105°C Temperature Resistant Auto Cables
- Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components
- Telephone & Switchboard Cables
- Power & Control Cables
- Jelly Filled Telephone Cables
- Optic Fibre Cables
- PVC Sheets
- Finoswitch Electrical Switches - Premium & Classic
- Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 • 2208 7429 • 2206 5726 • 6637 7929**
**• E-mail : sales@pushtiindia.com • Fax : 2206 7929**
**• Web.: www.pushtiindia.com**

# દિવાળી



✍ પ્રવીણા કડકીઆ

દર વર્ષે આવતી દિવાળીની મઝા કાંઈ ઓર છે. હિંદુઓની સહુથી મનગમતો તહેવાર એટલે દિવાળી. આસો મહિનાની અમાસ, જે દિવાળીના ઝગમગતા દીવડાઓથી સોહી ઉઠે. ગરીબ હો યા તવંગર સહુને દિવાળીનો તહેવાર મનપસંદ છે.

દિવાળીની સાથે દીવડાં, સાથિયા, તોરણ વિગેરે હોય. સરસ મઝાના દિવાળીના ખાસ નાસ્તા હોય. આ બધું દિવાળીના દિવસો દરમ્યાન આવે, સહુ પ્રથમ આવે ‘સાફસૂફી’. ખૂણે ખાંચરેથી દિવાળી આવતા પહેલાં સાફસૂફીનો કાર્યક્રમ હોય. કબાટ, રસોડું, શૉ કેસ, માળિયુ સઘળી જગ્યાઓ વાળી ઝુડીને સાફ થાય. બાળપણમાં દિવાળી દરમ્યાન જે સાફસૂફી પંદર દિવસ પહેલાંથી શરૂ થતી હતી તે યાદ આવે છે. અમારો જૂનો નોકર ‘સોનુ’ તેને બધી જ ખબર હોય. માળિયા પરથી મોટા પિત્તળના તપેલાં, તાંબાનો ઘડો અને ગુણિયો, ગરમ પાણી કરવાનો બંબો બધું ચકચકિત દેખાય એવા કરતો.

આજે તો ઘડો, ગુણિયો અને બંબો આ શબ્દ શબ્દકોષમાં શોધવા પડે. ખેર, કહેવાય છે કે જૂની વાતો યાદ કરીએ એટલે ઘરડા થઈ ગયા એવું નથી ઉંમર કોઈને છોડતી નથી. એ યાદોમાં મહાલવાનું ગમે છે. બાકી નવું પ્રેમથી અપનાવી મોજ માણીએ છીએ.

નવા વર્ષનો પ્રારંભ થાય ત્યારે મઘમઘતું ઘર અને આંગણે દિવડા સોહાય. આધુનિકતાની દોડમાં બધું બદલાઈ ગયું. દિવાળીના દિવસોમાં મિઠાઈ બહારથી લાવવાની. દિવાળીનાં દિવસોમાં ઘરે જમણવાર કરવાની માથાકૂટ મૂકી હોટલોમાં જમીને ઘેર પાછા આવવાનું.

આવો જૂની અને નવી દિવાળીના દૃશ્યો જોઈએ.

‘અરે માળિયા પરથી પેલો ‘બંબો’ ઉતાર.’

‘જો ખૂણામાં બધા ચારણાની થપ્પી પડી છે.’

‘પેલા બે મોટા તપેલા અને બે થાળ નીચે લાવ એટલે ઘસીને પાછા ઉપર ચડાવી દેવાય.’

આ દિવાળી આવે, એટલે સહુથી સારી રીતે માળિયુ સાફ થઈ જાય. હવે આજના જમાનાના નવા ઘરોમાં છતી નીચી હોવાને કારણે માળિયા અદ્રશ્ય થઈ ગયા છે તેને બદલે ‘સ્ટોર રૂમ’ આવી ગયો છે. દિવાળી આવતા પહેલાં માળિયા પરની બધી વસ્તુઓ નીચે ઉતરે. ચોખ્ખી થાય અને પાછી યથાવત તેના સ્થળે ગોઠવાઈ જાય.

શું તમને લાગે છે, આજે કોઈ બંબો વાપરે છે ? પેલા ‘ગિઝરે’ બંબાની જગ્યા પચાવી પાડી. તાંબાનો એ બંબો. આજે તો કોઈને સળગાવતા પણ નહી આવડતો હોય ! ખેર જુની વાતોમાં રસ નહી પડે. આજે અનુષ્કા બોલી, ‘બા હવે આને ભંગારમાં વેંચી નાખોને. દર વર્ષે આપણી બાઈ તેને માંજીને ઉપર પાછો મૂકે છે.

સુજાતાની આંખમાં ઝળહળિયા આવી ગયા. સુબોધના મમ્મીની આ છેલ્લી નિશાની હતી. આધુનિકતાની દોડમાં એક પછી એક બધી વસ્તુઓ ઘરમાંથી વિદાય થઈ ગઈ હતી. પોતે પરણીને આવી ત્યારે બંબામાંથી બે બાલદી ગરમ પાણી ભરીને નહાવા જતી. અંદર જઈને ઠંડા પાણીનો નળ ચાલુ કરતી જેને કારણે મન ભરીને નહાવાની મોજ માણતી. અનુષ્કાને કેવી રીતે સમજાવે. આ બંબા સાથે કેટલી પ્રિત છે.

સુજાતા કાંઈ બોલી નહીં. સુબોધ તેના અંતરના ભાવ કળી ગયો હતો.

ચારણા, હવે શું કરવાના. બધા લોટ તૈયાર આવે અને અનાજ દાણાવાળો સાફ કરીને આપે. સુજાતા ધીરેથી બોલી, બેટા અનુષ્કા આ ચારણા બધા કાઢી નાખીએ. આપણી ગંગાને જોઈતા હોય તો આપી દઈએ. પળનો પણ વિલંબ કર્યા વગર અનુષ્કાએ બધા ચારણા ઘરની બહાર મૂકી દીધા.



ESAFAR HOLIDAYS
DUBAI DHAMAKA
Dubai & Abu Dhabi: 5 Nights / 6 Days
5 Nights at Dubai – Admiral Plaza / Dolphine Hotel or Similar
₹53,000/-* + Airfare Per Pax
Trip Cost Includes:
• 05 Nights accommodation as mentioned above
• Daily breakfast Lunch and Dinner (Lunch and Dinner in Veg. Indian restaurant)
• Meet & Greet at Airport
• Welcome dates upon arrival
• Burj Khalifa 124th floor entry
• Dubai city tour with one way monorail
• Desert safari with BBQ Dinner
• 01Hr Yacht ride
• Abu Dhabi city tour with Grand Mosque entry
• Dubai Frame
• Bollywood & Motion gate
• 01Hr Limo ride
• Miracle Garden
• Global village
• Tourism Dirham (TD)
• UAE Visa + OTB
• 01 Ltr mineral water will be served per day
• All tours and transfers on AC PVT coach
*Rates are subject to availability of seats
For more detail contact:
ESAFAR HOLIDAYS
Sales Office: 21A Ranchod Bhavan, Opp. Tewari Sweets, Opera House, Mumbai 400 004.
Regd. Office: 7/46 Kalyan Building, Khadilkar Road, Kandawadi, Girgaum, Mumbai 400 004.
Mobile: +91 89287 60516 / +91 98195 47789
Email: travelwithesafar@gmail.com
Website: www.esafarholidays.com
ESAFAR HOLIDAYS

ગંગા પણ કામ અડધું મૂકી પહેલા બધા ચારણા ઘરે મૂકવા જતી રહી. સુજાતાની આંતરડી ઠરી.

તપેલા અને થાળા, દયામણા મુખે સુજાતાને નિરખી રહ્યા. સુજાતા મનોમન મુસ્કુરાઈ,'તમારો વિજાય સમારંભ નહી યોજું.' ભલે ઘરમાં આટલું બધું રાંધતા નથી પમ કોઈવાર તમારી જરૂર પડે છે.

થાળા અને તપેલાનો શ્વાસ હેઠે બેઠો. અનુષ્કાને થયું. બંબાનું મહત્વ તો ચાલો માન લિયા. આ મોટા વાસણ કોને ખબર ક્યારે મમ્મી વાપરશે.

જ્યારે ઘરમાં કોઈ પણ પ્રસંગ ઉજવવાનો હોય ત્યારે ખાવનું બધું,'બોમ્બે પેલેસ' માંથી આવે કે મંદિરનું. હવે સગવડ એટલી સરસ છે કે બધું ત્યાંથી જ આવે. સાથે બે જણા પિરસવા માટે પણ બોલાવે. ભલે પૈસા આપવા પડે પણ પોતાના કપડા, તેમજ મેક અપ અને નખની કમાલને જરા પણ આંચ ન આવે !

માળિયા પછી આવે વારો કબાટનો અને રસોડાના ખાનાઓનો. એ બધું તો બાઈ રોજ કરે છતાં પણ દિવાળી વખતે ખાસ બધું ધોવાનું અને ખાનામાં નવા પ્લાસ્ટિક બિછાવવાના. અનુષ્કાને કશું કરવું ગમે નહી.

હા, ગંગા બાઈને સૂચના આપવાન મઝા આવે. સુજાતા નિરખે અને મંદ મંદ મુસ્કુરાય. અનુષ્કા હતી એવી કે ખૂબ વહાલી લાગે પ્રેમાળ તેમ જ ભણેલી ગણેલી એટલે ઘરનું કામ ન પણ કરે તો વાંધો ન આવે. સુજાતા બહેન વાકેફ હતા એ આ બધું તેને નહી ગમે.

સાંજના બધા જમવા બેઠા ત્યારે અનુષ્કાએ એક વિચાર રજૂ કર્યો. ખૂબ ચતુર હતી. બધી વાતોથી અભિને વાકેફ રાખતી. તેની સંમતિની મહોર પડે પછી જ પોતાના વિચાર રજૂ કતી. તેને ખબર હતી કે સુજાતા, મમ્મી અને સુબોધ પપ્પાજીની રગે રગ અભિ ઓળખે છે.

અનુષ્કા કહે, 'મમ્મીજી આજે ઘર સાફ થઈ ગયું. ચાલો હવે નવું વર્ષ આવે છે તો આપણે સહુ જૂના હિસાબ કિતાબ કરીએ.'

સુજાતા ચમકી, સુબોધના કાન સરવા થયા.

'મમ્મીજી સાંભળો તો ખરા, ગઈ દિવાળીથી આ દિવાળીને વચ્ચેના ગાળામાં મારાંથી પાંચેક મોટી અને દસેક નાની ભૂલો થઈ ગઈ હતી.'

સુજાતા વચમાં ટપકી પડી,'બેટા એવું બધું કેવી રીતે યાદ રહે ?'

'મમ્મા, હું રોજ ડાયરી લખું છું.' મારી થયેલી ભૂલોને એક પાના પર વ્યવસ્થિત લખું છું. આજે જ્યારે દિવાળીની સાફ સફાઈ કરતા હતા, ત્યારે સુંદર વિચાર આવ્યો. 'આપણે સહુ આપમા અંતરની અંતરની સાફ સફાઈ' કરીએ. દિલના આયના પર પડેલા મેલના ધબ્ધાને લુછી નાખીએ. મનના મંદિરમાં સંઘરેલા મલિન વિચારોને તિલાંજલી આપીએ.'

મમ્મા, તમને ભલે યાદ ન હોય, પણ એટલું તો કરી શકાય, 'હે પ્રભુ ગયા વર્ષ દરમ્યાન જો મેં ઘરમાં કે કુટુંબમાં જાણ્યે અજાણે દુઃખ પહોંચાડયું હોય તો માફ કરજે. આ નવા વર્ષથી હું મારા વર્તન પ્રત્યે સજાગ રહીશે. 'મા, દિલ સાફ કરવામાં નાના અથવા મોટા, કોઈ ફરક પડતો નથી.

નવા અને પુરાનાનું મિશ્રણ સુંદર સંદેશો આપે છે.

નવી પદ્ધતિથી દિવાળી ઉજવવાનું મોજ માણે જો જો. ખૂબ આનંદ આવશે. નવા વર્ષે કોઈ બાધા લેવાની જરૂર નહીં પડે.

દર દિવાળએ વિક્રમ સંવત બદલાયને નવા વર્ષની સુંદર પ્રભાતથી આંગણું દીપી ઉઠે. દિવાળીના શુભ અવસરે અંતર આનંદથી છલકાઈ ઉઠે. દિવાળીની ઘોર અંધારી રાત ઝળહળતા દીવાના પ્રકાશે સોહી ઉઠે. દિવાળીને દિવસે ઘરમાં દીવા કરી અંતરે જ્ઞાનની જ્યોત જલાવવાની. તમસમાંથી રજસ અને સત્વની દિશામાં ડગ ભરવાના. રંગોથી ઉભરાતા સાથિયાની સોહામણી કળાનું પ્રદર્શન કરી આંગણું સોહાવીએ.

દિવાળીનું શુભ પર્વ સહુને મંગલકારી હો ! આવો

જ્ઞાનના દીપક દ્વારા અજ્ઞાનનું તિમિર હટાવી દિલને પાવનતાથી ભરીએ, પ્યાર અને સહકારની ભાવનાની ગાંઠ મજબૂત કરીએ. ઈર્ષ્યા તેમજ દ્વેષને દેશવટો આપને દિવાળીનું પર્વ સૂચવે છે. સત્યનો અસત્ય પર વિજય. મંગલકારી ભાવનાનું પ્રસરણ હૃજય રૂપી કોડિયામાં પ્યારનું તેલ પૂરી, સ્નેહની વાટ બનાવી જ્ઞાનનો ઉજાસ ફેલાવી સમજણને ભાઈચારાનો સંદેશો ઘેર, ઘેર પહોંચાડીએ. આ શુભ પર્વ દર વર્ષે આવે. ઉરમાં ઉમંગની શહનાઈ ગુંજી ઊઠે. હૈયે હર્ષ હિલોળા ખાય.

સમગ્ર સૃષ્ટિમાં આનંદની હેલી ઉઠે. આવતું નવું વર્ષ મંગલકામનાઓથી ભરપૂર બને તેવી અભીલાષા. આપણા દેશના ખૂણે ખૂણામાં દિવાળીનો તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવાય છે.

દિવાળીના પાંચ દિવસ ઉમંગ અને આનંદથી ભરપૂર બીજે દિવસે નૂતન વર્ષનો પ્રારંભ. જે દિવસે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ દ્વારા આપણે મંદિરોમાં ઉજવીએ છીએ. અંતે સહુથી પ્રિય દિવસ 'ભાઈ બીજ' ભાઈ અને બહેનના નિર્મળ પ્રેમ દીપાવતું પર્વ. ❖❖❖

# કિર્તન

✍ **નિમીષા કડકીઆ**

## ગોવર્ધન પૂજાનું પદ

**રાગ : બિલાવલ**

પૂજાવિધિ ગિરિરાજકી નંદલાલ બનાયેં !
ઝુંડન ઝુંડન ગોપિકા મિલ મંગલ ગાવેં ।।૧।।
ગંગા જલસો ન્હાવાય કે દૂધ ધોરી કો નાવેં ।
વિવિધ વસન પહેરાયકે ચંદન ચરચાવેં ।।૨।।
ધૂપ દીપ કરી આરતી બહુ ભોહ ધરાવેં ।
તિલક કિયો બીરાદિયો માલા પહેરાવે ।।૩।।
ખિરક ચલે લોહરે બડે મિલિ ગાય ખિલાયેં ।
ફિર ગિરિધર ભોજન કિયો સુખ સૂર દિખાવેં ।।૪।।

## ઈંદ્રમાન ભંગનું પદ

**રાગ : બિલાવન**

બલિહારી ગોપાલકી ગોપાલ ધાર્યો ।
ઈંદ્ર ઢીઠ મદમત્તકો જીન ગર્વ પ્રહાર્યો ।।૧।।
બહુત યત્ન મધવા કીયે પાછો ન સંતાર્યો ।
વૈર કીયો વ્રજનાથસોં આપુન હી હાર્યો ।।૨।।
લે સુરભી પાંયન પર્યો અપરાધ નિવાર્યો ।
કૃષ્ણદાન કે પ્રાણકો હસ વદન નિહાર્યો ।।૩।।




## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
## જ્યોતિપુંજ કવિતા ઈનામી સ્પર્ધા




# 'કૃષ્ણ પર કાવ્ય'


બાલાસિનોર જ્ઞાતિના સર્વે કવિ/કવિયત્રીઓને **'કૃષ્ણ પર કાવ્ય'** લખી મોકલવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. સ્પર્ધક દીઠ એક કવિતા માન્ય રાખવામાં આવશે. દરેક સ્પર્ધકને ઈનામ આપવામાં આવશે.

**કવિતા મોકલવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર ૨૦૧૯** રહેશે. કવિતા નીચે જણાવેલ સરનામે મોકલવા નમ્ર વિંનતી.

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ.**: ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪.
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે), રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**૨) પ્રશાંત પરીખની ઓફિસ.**: એપેક્ષ સર્વિસીઝ, ૫૯, નદભુવન, બીજે માળે, રૂમ નંબર-૩૫, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨. **સમય :** સવારે ૧૧.૦૦ સાંજે ૬.૦૦

**મંત્રી - ભાવેશ બિપીન મોદી**　　**તંત્રી - બંકિમ પરીખ**


METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
METACOLOR
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Rahul Dharia - 98200 58457 • Rohan Dharia: 98200 59467 • Email: ralson@bom5.vsnl.net.in

# બંધનની કેમિસ્ટ્રી

સંકલન - પ્રશાંત પરીખ

(ગતાંકથી ચાલુ)

## આપણી પસંદગી છે

તેમ જગત, જગતના પદાર્થો આપણને બાંધતા નથી. તે પદાર્થો તો હોય પણ આપણે ઈચ્છીએ તો તેની સાથે બંધાઈએ, ન ઈચ્છીએ તો ન બંધાઈએ. આપણા બંધાવા ન બંધાવા સાથે તે પદાર્થોને કોઈ લેવા-દેવા નથી. તે અલગ છે, આપણે અલગ છીએ. બન્ને સ્વતંત્ર છે. પરંતુ આપણે ભીતરથી સ્વયંથી છૂટી જઈએ છીએ અને બહારના પદાર્થો સાથે પોતાની જાતને બાંધી દઈએ છીએ. જો બહારના નાટકને પણ જો આપણે સત્ય માની લઈએ છીએ અને તેના દૃશ્યો કે પાત્રો સાથે બંધાઈ જઈએ છીએ. તો પછી જિંદગીમાં તો બંધાઈ જવું બહુ જ સરળ છે. અરે ! મંચ ઉપરનાં દૃશ્યોની વાત તો દૂર રહી, આપણે તો Screen (પડદા) ઉપરના ચલચિત્ર સાથે પણ બંધાઈ જઈએ છીએ ! ખરેખર તો એ માત્ર પ્રકાશ અને અંધકારનો ખેલ છે. તેમાં પણ આપણે રડી પડીએ છીએ, દુઃખી થઈએ છીએ, પીડા અનુભવીએ છીએ. પડદા ઉપર કશું નથી અને છતાં રડીએ છીએ !

થિયેટરનો પડદો કીમતી હોય છે. તેને માટે હજારો રૂપિયા ખરચીએ છીએ. પણ તે તો ખાલી હોય છે. તેના પર એક રેખા પણ હોતી નથી. હવે તેના ઉપર ચલચિત્રનું પ્રક્ષેપણ થાય છે. એમાં કાંઈ સત્ય હોતું નથી અને છતાં ભ્રમિત થઈએ છીએ, દુઃખી થઈએ, રડીએ છીએ તો જીવનમાં સત્યતાનો ભ્રમ થવો બહુ સરળ છે.

## બંધનની આદત


આપણે સ્વપ્ન સાથે પણ બંધાઈએ છીએ. રાત્રે સૂતા છીએ, સ્વપ્ન આવ્યું. મૃત્યુ જોયું. રડવા લાગી ગયા. ગભરાટમાં ઊઠી ગયા. હૃદય ઝડપથી ધબકી રહ્યું છે, આંખમાં આસું છે, પણ મૃત્યુ કોઈનું થયું જ નથી!! આમ, આપણે સપના સાથે પણ બંધાઈ જઈએ છીએ, નાટક સાથે પણ બંધાઈ જઈએ છીએ તો પછી જિંદગી કે જે આટલી સાચી લાગે છે, એની સાથે તો બંધાઈ જવું બહુ સરળ બને છે. આપણા બંધનની કેમેસ્ટ્રી-બંધનનું, બંધનની રચના કંઈક બીજી છે. કોઈ ભીતરી કારણ છે કે જે આપણને બહારના પદાર્થો સાથે જિંદગીમાં, સ્વપ્નમાં, નાટકમાં બાંધે છે. આપણે બંધાવામાં રાજી છીએ માટે બંધાઈએ છીએ. આપણને જે કંઈ પણ મળી જાય, તેની સાથે આપણે બંધન નિર્મિત કરી લઈએ છીએ.

કોઈ માણસ ઘર છોડીને વનમાં કે આશ્રમમાં - ગમે ત્યાં ચાલ્યો જાય પણ ત્યાંય જો તે બંધનનો કીમિયો, બંધનની રીતે, બંધનની આદત સાથે લઈને જાય તો તે જ્યાં પણ જાય ત્યાં બંધન નિર્મિત કરી શકે છે. વનમાં હોય તો ગુફા સાથે અને આશ્રમમાં હોય તો સાધકો સાથે તે બંધન નિર્મિત કરી લે છે. **(ક્રમશઃ)**


જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**

**પ્રાર્થના સભા માટે**



**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**

**Website : www.rhythmicgroups/.com**

G/3, Raman Smruti, 138, V.P.Road,
Sicka Nagar, Mumbai - 400 004
Resi : 022-23811333 / 66372275




ધન્ય તે રસ, જે ગોપીજન એ પીધો
ધન્ય તે રસ જે ૮૪-૨૫૨ વૈષ્ણવે લીધો
ધન્ય ગુરુ શ્રી વલ્લભ (મહાપ્રભુજી)
જેમણે ષોડશગ્રંથનું રસ ગાન કર્યું.
ધન્ય ગુરુ શ્રી વલ્લભ (મહાપ્રભુજી)
જેમણે સુબોધીનીજીનું રસ પાન કરાવ્યું
ધન્ય તે રસ,
આપે જે સ્વરૂપ રસ સેવાનું દાન દીધું !
ધન્ય ગુરુ શ્રી ગુંસાઈજી
જેમણે સર્વોત્તમ રસ ગાન કર્યું
ધન્ય ગુરુ શ્રી ગુંસાઈજી
જેમણે શૃંગાર રસ મંડનનું રસપાન કરાવ્યું.
ધન્ય તે રસ, આપ જે રસમય સેવા પ્રકારનું દાન દીધું
ધન્ય શ્રી હરિરાયજી
જેમને શિક્ષાપત્રી રસ ગાય કર્યું
ધન્ય શ્રી ગોકુલનાથજી
જેમણે ૮૪-૨૫૨ વાર્તા રસનું પાન કરાવ્યું
ધન્ય તે રસ જે કીર્તન રસનું અષ્યસખાએ દાન દીધું
ધન્ય ધન્ય શ્રી દમલાજી
જેમણે શ્રી વલ્લભ મધુર રસ ચાખ્યો
ધન્ય શ્રી રજોબાઈ
જેમણે કેવણ શ્રી વલ્લભ રસ માણ્યો
ધન્ય તે રસ જેનું સમસ્ત ૮૪-૨૫૨ વૈષ્ણવએ દાન દીધું
ધન્ય શ્રી અષ્ટ સખી
જેમણે નિત્ય મહારસનું ગાન કર્યું.
ધન્ય શ્રી ગોપીજનો
જેમણે નિત્ય મહારસનું પાન કરાવ્યું
ધન્ય શ્રી મૂળ યુગલ સ્વરૂપ લીલારસ
જે સદા ભક્તોના હૃદયકમલમાં વહેતો
ધન્ય શ્રી મૂળ યુગલ વિરહાત્મકર રસ
જે સદા રોમ રોમ માં યમુના બની વહેતો
ધન્ય તે રસ જેને ત્રિતયાત્મક સ્વરૂપ રસ માણ્યો
ધન્ય તે રસ જે સદા ભીતર સ્વરૂપે મૂળ
યુગલ સંગ આંતરરામણ કરી માંણ્યો

**'આ ધન તો તેરસનાં આ બધા અલૌકિક ધન રૂપી લીલા રસનો અનુભવ કરી ધન્ય થઈએ.'**

ઠાકોરજીની નિત્ય સેવા એટલે ઘરની નિત્ય દિવાળી. સેવા સમયે સંયોગ એટલે કે ભાવરૂપી સામગ્ર ધરી અને અનોસર (અન અવસર) માં વિરહ એટલે દીવડા વગરનું હૈયું તો તે દિવાળી. નિત્ય સંયોગ અને વિરહનો અનુભવ થવો એ જ તો દીવાળી છે. પ્રભુનાં રંગમાં રંગાઈ જવું તેથી વધારે સુંદર કઈ રંગોળી હશે ? પ્રભુ વિરહમાં હૃદય જલ્યું, એથી વધારે સારું કયું દીપક હશે ? ભગવદીઓના સંગથી વધારે કયુ પરોપકારી વૃક્ષ હશે? હૃદયના સૂકાયેલા ભાવો પર શ્રી વલ્લભપ્રભુની અમી દ્રષ્ટિ પડે. એથી વિશેષ કઈ હરિયાળી હશે ?

આમ જ પ્રભુ સેવારૂપે આપણને સર્વસ્વ આપની દીવાળી મનાવડાવે છે.

દીવાળીના દીવસે ઠાકોરજીનું સ્વયં હાટ લગાવી, પોતાનો પ્રેમ વહેંચવા બિરાજે છે. ત્રાજવાનાં એક પલડામાં ભગવદ્ પ્રેમ છે તો બીજા પલડામાં ભગવત્ ભક્ત છે. આ ત્રાજવું જરા પણ ઉંચુ-નીચું થાય એમ નથી ભાઈ. આ જ તો હાટડીનું મહત્વ છે.

---

## કિર્તન

✍ નિમીષા કડકીઆ

**કાન જગાઈનું કે પદ રાગ : કાન્હરો**

દેખો ઈન દીપન કી સુંદરાઈ ।
જાનો દાનમેં વિદ્યુતમંડલ રાજત, તમનિશ પરમ સુહાઈ....
નંદરાય અગણિત પાંતી રચી અદ્ભૂત યુક્તિ બનાઈ ।
વિવિધ સુગંધ કપૂર આદિ કે ધૃત પરિપૂરણ તાઈ ।।૨।।
ઘર ઘર મંગલ હોત સબન કે ઉર આનંદ ન સમાઈ ।
કુંભનદાસ પ્રભુ ધેનુ ખિલાવત ગિરિધર સબ સુખદાઈ ।।૩।।

**નિમીષા કડકીઆ**

# વૃધ્ધાવસ્થા રોગ છે ? જીવન અને રોગો !

✍ કીરીટ રમણલાલ ધારીઆ

જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે. અને આ બન્ને અંતિમો વચ્ચે રહેલો સમય એટલે જીવન. તે સમયના ઉપયોગ ઉપર સમગ્ર જીવનકાળનો આધાર રહેતો હોય છે. તેથી જીવન હૃદયના પહેલા ધબકારામાં જીવનરસનું સિંચન તેમ જ પૂર્ણ શરીરની રચના કરી કાર્યશીલ રાખે છે.

આત્મા અને અંતર્યામીની ઓળખાણ જરૂરી છે. આમ આદમી ગુણ અને દોષના સરવાળા, ગુણાકાર અને ભાગાકાર કરવાથી તેમજ કોઈક તેને અનૂકુળ અને કોઈ પ્રતિકુળ લાગવાથી દરેક વ્યક્તિ પોતાના સંસારનું નિર્માણ પોતાની રીતે કરે છે. જેવો માણસ એવો એનો સંસાર હોય છે.

સાચી આધ્યાત્મિક દ્રષ્ટિ હોય તો એ સંપૂર્ણ અને પૂર્ણતાની દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. અને તેથી જ સુખ અને દુઃખનો આધાર અંદરનું મન છે. મન રોગોના ઉદ્‌ભવસ્થાનનું કાર્ય બને છે. એટલે ભૂતકાળના ઝખમો પર મલમપટ્ટી કરી રૂઝાવા દો તે જ મહત્વનું છે.

'હું' અને 'મારું'શબ્દો પોતાની જાતને જ મારતા હોય છે. છેવટે શારિરીક તકલીફો અને રોગની મહેમાનગતી જેવી કે ડિપ્રેશન, ઓબેસિટી, ડાયાબીટીશ, એન્કઝાઈટી તેવા અન્ય માનસિક રોગો આપે છે. આ શબ્દોનો ઉપયોગ કરતાં 'આપણું' શબ્દ તારવામાં વધુ મદદ કરે છે. પોતાના સ્વાસ્થ્યનું સન્માન પોતે કરવામાં નવી જૂની પધ્ધતિનો સુમેળ સાધવાનો છે.

'કર્મનો હિસાબ' રોગો સાથે સંકળાયેલો છે. આપણા ગમા-અણગમાને બાજુમાં મૂકી કર્મ શ્રેષ્ઠ કરવું એ મહત્વનું છે. આપણા ઋષિમુનીઓ અને પ્રાચીન ધર્મગ્રંથો સાચા, સરળ અને સાત્વિક કર્મો કરવા સૂચવે છે. પ્રશ્ન થાય છે કે મૃત્યુનું કારણ રોગ ? કે રોગનું કારણ મૃત્યુ ? કારણ કે ભગવાન જીવન અને મૃત્યુ બંનેમાં બિરાજે છે.

આપણા પોતાના ઈલાજોમાં આપણી પાસે સૂર્યપ્રકાશ, આરામ, વ્યાયામ, આહાર, આત્મવિશ્વાસ અને મિત્રો આપ્યા છે. કારણ કે જીવનની સાચી કમાણી આનંદ છે. સાથે સાથે જો બહુ જ મોડું થયું હોય સમજવામાં તો આધુનિક વિજ્ઞાન રોગોને રાહત આપવા તત્પર છે પણ તે મિટાવી શકે છે ? અને આજના માહોલમાં સૌને પરવડે છે ?

શા માટે 'સબકા સાથ-સબકા વિકાસ-સબકા ઈલાજ' ના સૂત્રને જો શ્રી બાલાસિનોર સમાજ મેડિકલ ક્ષેત્રે કામ કરે છે તેને આગળ ધપાવવા આપણા સમાજનાં કે અન્ય ઈચ્છિત ડૉક્ટરો સેવાની ભાવનાથી સાથ અને સહકાર આપે, તો આપણા સમાજ, બાલાસિનોરવાસીઓ અને અન્યોને શા માટે આપણા સૌના સાથ અને સહકાર સાથે આગળ ન ધપીએ. શ્રી કીરીટ ધારીઆના લખેલા ત્રણે 'પ્રતિક્રમા' (ત્રણ ભાગ) પુસ્તકો જેનો એક હેતુ મેડિકલ ક્ષેત્ર અને આનંદ અને તંદુરસ્તી સાથેનું જીવન અને રોગોના નિવારણનાં સંદર્ભમાં લખ્યા છે. આજની આ ભાગાદોડી અને સંઘર્ષમય સમયમાં સ્વસ્થ રહીને આપણા વૃધ્ધાવસ્થા વખતેના અનુભવો અને તેનું લક્ષ આપણી તમામ પેઢીને કામમાં લાગવા પ્રયત્નો કરી તેને સાકાર કરીએ. ✣ ✣

Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

# સૂર્ય ચંદ્ર અને મંગળ

જ્યારથી મંગળમિશન અને ચંદ્રયાન-ટુ ની અવકાશી ઉડાણ થઈ છે ત્યારથી લોકોમાં ગજબનો ઉત્સાહ છવાયો છે. ગ્રહ, ઉપગ્રહ તરીકે આપણે સૂર્ય, ચંદ્ર, મંગળ જેવા વિવિધ ગ્રહોને જાણીએ છીએ. ભારતીય જ્યોતિષ શાસ્ત્ર તેમજ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ થી પણ આ ત્રણ ગ્રહ વિશે આપણે કંઈક વિશેષ સમજીએ.

**સૂર્ય :** સૂર્યને એક પરિભ્રમણ પૂરું કરવામાં ૩૬૫ દિવસ ૬ કલાક ૯ મિનીટ ૧૦ સેકન્ડ જેટલો સમય લાગે છે. સૂર્યનો વ્યાસ ૧૩ લાખ ૯૨ હજાર કિલોમીટર જેટલો થાય છે. સૂર્ય એક રાશિમાં એક મહિનો દેખાય છે. મકર રાશિ થી સાયન મિથુન રાશિના ભ્રમણને ઉત્તરાયણ કહેવાય છે. જે ૨૦ મી ડીસેમ્બર થી ૨૦ મી જૂન સુધીનો સમયગાળો કહેવાય છે. એવી જ રીતે સાયન કર્ક રાશિથી સાયન ધન રાશિના ભ્રમણને દક્ષિણાયન કહેવા છે, જે ૨૧ મી જૂન થી ૧૯ મી ડીસેમ્બર સુધીનો રહેશે.

સૂર્ય ને ગ્રહોમાં રાજા કહ્યો છે. સૂર્યની વિદ્યા વૈદિક વિદ્યા (ફાર્મા, આયુર્વેદ). સૂર્યનું કારકત્વ તેજ પર, પ્રકાશ પર, આત્મશક્તિ પર, આત્મવિશ્વાસ પર હોય છે. સૂર્ય આત્માનો કારક કહેવાય છે. સગાઈમાં સૂર્ય પિતાનો કારક કહેવાય છે. તાંબા જેવા રંગ પર અને તાંબુ ધાતુ પર સૂર્યનું પ્રભુત્વ છે. સૂર્યની દૈનિક ગતિ ઝડપી હોય ત્યારે ૬૧ કળા, મધ્યમ ગતિ હોય ત્યારે ૫૯ કળા અને ૮ વિકળા અને મંદગતિનો હોય ત્યારે ૫૭ કળા જેટલું અંતર કાપે છે.

જાહેર માર્ગો પર, સરકારી આવાસો, સરકારી કચેરીઓ પર સૂર્યનું પ્રભુત્વ હોય છે. સૂર્ય દ્વારા ભાગ્યોદય ૧૨ મે વર્ષે, સૂર્ય ક્ષત્રિય ગ્રહ છે, સૂર્ય પુરુષ ગ્રહ છે. શરીરમાં અસ્થિઓ પર સૂર્યનું પ્રભુત્વ હોય છે. સૂર્ય દ્વારા સ્વાદ તીખો અને તૂરો કહેવાય છે. સૂર્યનું રત્ન માણેક (Ruby), સૂર્ય દ્વારા ઋતુ ગ્રીષ્મ જોવાય છે. સૂર્યની દિશા પૂર્વ દિશા, સૂર્ય સત્વગુણી ગ્રહ છે. સૂર્યની રાશિ સિંહ રાશિ. સૂર્ય મેષ રાશિના ૧૦ અંશ પર ઉચ્ચનો બને છે અને તુલા રાશિનાં ૧૦ અંશ પર નીચસ્ત બને છે. સૂર્યના, ચંદ્ર, મંગળ અને ગુરુ મિત્રો છે. સૂર્ય બુધને સમ (Neutral, ન શત્રુ ન મિત્ર) ગણે છે. શુક્ર, શનિ તથા રાહુ તેના શત્રુઓ છે. સૂર્ય એક નક્ષત્રમાં અંદાજે ૧૩ થી ૧૪ દિવસ જેટલું રહે છે. સૂર્ય એક નવમાંશ માં અંદાજે ત્રણ દિવસ જેટલું રહે છે.

**ચંદ્ર :** ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે અને પૃથ્વીની સાથે સાથે ચંદ્ર સૂર્યની પણ પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ કહેવાય છે. ચંદ્રનો વ્યાસ પૃથ્વીના ૧/૪ જેટલો છે. અવકાશ પર પૃથ્વીથી સૌથી નજીકનો અવકાશી પદાર્થ છે. ચંદ્રની દૈનિક ગતિ અતિ સારી (ઝડપી) હોય ત્યારે ૯૦૦ કળા મધ્યમ હોય ત્યારે ૭૯૦ કળા અને મંદગતિ હોય ત્યારે ૭૨૦ કળા જેટલું દૈનિક અંતર કાપે છે.

ચંદ્ર એક રાશિમાં સવા બે દિવસ રહે છે. એક નક્ષત્રમાં એક દિવસ રહે છે. ઓછામાં ઓછું ૨૩ કલાક અને વધુમાં વધુ ૨૭ કલાક એક નક્ષત્રમાં રહે છે. ચંદ્રનું કારકત્વ કળીત્વ (આથો લાવવાની ક્રિયા) તથા ફણગાવવામાં ચંદ્રનું પ્રભુત્વ હોય છે. ચંદ્રની વિદ્યા જ્યોતિષ વિદ્યા, મનની શક્તિ અને પવિત્રતા પર પ્રભુત્વ હોય છે. સગાઈમાં ચંદ્ર માતાનો કારક છે. ચંદ્ર દ્વારા રંગ સફેદ, ચંદ્ર જલતત્વનો કારક છે. ચંદ્ર સ્ત્રી ગ્રહ છે. ચંદ્ર વૈશ્ય વર્ણનો ગ્રહ છે. ચંદ્ર દ્વારા ઋતુ વર્ષા જોવાય છે. પાણીની નજીક તળાવો, દરિયો, સરોવર, ઝરણા, શાક માર્કેટ, જન સમૂહ આ બધા પર ચંદ્રનું પ્રભુત્વ હોય છે.

ચંદ્ર મનનો કારક ગ્રહ છે. ચંદ્રને મુગ્ધા વયનો કીધો છે. ચંદ્ર દ્વારા ભાગ્યોદય ૨૪ વર્ષે, ચંદ્ર દ્વારા સ્વાદ ખારો

જોવાય છે. ચંદ્રનું રત્ન મોતી, ચંદ્રની રાશિ કર્ક. ચંદ્ર વૃષભ રાશિના ૩ અંશ પર ઉચ્ચનો અને વૃશ્ચિક રાશિના ૩ અંશ પર નિચસ્થ બને છે. ચંદ્રના સૂર્ય, બુધ મિત્ર છે. ચંદ્ર મંગળ, ગુરુ, શુક્ર તથા શનિને સમ માને છે. ચંદ્ર રાહુને શત્રુ માને છે. ચંદ્ર જ્યારે વૃશ્ચિક રાશિમાં બેસે ત્યારે વિછુંડો કહેવાય. શુભ કાર્ય ન કરાય.

**મંગળ** : સૂર્યથી અંતર ૧૪ કરોડ ૧૫ લાખ માઈલ. વ્યાસ ૬,૭૮,૭૦૦ કિલોમીટર. સૂર્યની એક પ્રદક્ષિણા કરવા મંગળને ૬૮૭ દિવસ લાગે છે. ઉપગ્રહ બે છે (૧) ફોબોસ (૨) દિમોસ.. ક્રમ ચોથો, રંગ નારંગી પણ લાલ રંગ પર પ્રભુત્વ ધરાવે છે. મંગળ ઝડપી ગતિનો હોય ત્યારે દૈનિક ૩૭ કળા મધ્યમ ગતિનો હોય ત્યારે દૈનિક ૩૧ કળા અને મંદગતિનો હોય ત્યારે ૨૪ કળા જેટલું અંતર કાપે છે. ગ્રહોમાં મંગળ સેનાપતિ છે. એક રાશિમાં મંગળ ૧.૫ (દોઢ) મહિના જેટલું રહે છે. મંગળ મનનો માલિક છે. એટલે એવરેજ દોઢ મહિનો એક રાશિમાં રહે પણ ઘણીવાર ૬ થી ૯ મહિના પણ એક રાશિમાં રહે. વર્ણ ક્ષત્રિય, જાતિ-પુરુષ, વિદ્યા-શસ્ત્ર વિદ્યા, કારકત્વ-સાહસ, પરાક્રમ, અધિકાર શક્તિ અને તાકાત. સગાઈમાં મંગળ ભાઈ ભાંડુનો કારક છે.

લશ્કરી વિભાગની કચેરીઓ, પોલિસ હેડ ક્વોટર્સ, કેન્ટોનમેન્ટ, મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર આ બધા પર મંગળનું પ્રભુત્વ છે. વય-તરુણ, સ્વાદ-તીખો, કડવો, ભાગ્યોદય-૨૮ વર્ષે, રત્ન -મૂંગા, પરવાળું (Corel), રાશિ -મેષ, વૃશ્ચિક. મૂળ પ્રિય રાશિ–મેષ. મકર રાશિના ૨૮ અંશ પર ઉચ્ચ ને કર્ક રાશીના ૨૮ અંશ પર નીચસ્ત બને છે. મંગળ એક નક્ષત્ર માં અંદાજે ૨૦ દિવસ રહે છે. એક નવમાંશમાં પાંચ દિવસ જેટલું રહે છે. મંગળના મિત્ર એટલે સૂર્ય, ચંદ્ર, ગુરુ. મંગળ શુક્ર અને શનિને સમ માને છે. મંગળના શત્રુ એટલે બુધ અને રાહુ. ❖❖❖

## આતિથ્ય

✍ આભા ઉદય શાહ (પડાલવાળા)

### ડ્રાયફ્રુટ ઘુઘરા

**સામગ્રી :** ૨૫૦ ગ્રામ મેંદો, ૨ ટેસ્પુન ઘીનું મોળ, તળવા માટે ઘી


**સ્ટફીંગ માટે :** ૧૦૦ ગ્રામ બદામ, ૧૦૦ ગ્રામ કાજુ, ૨૫ ગ્રામ પિસ્તા, ૨૫ ગ્રામ કીસમીસ, એલચી, કેસર તથા જાયફળ પાવડર, ૧૦૦ ગ્રામ દળેલી સાકર

**રીત :** મેંદામાં ઘીનું મોળ નાખી કઠણ લોટ બાંધવો. બદામ કાજુનો ભુક્કો કરવો, પિસ્તાના બારીક ટુકડા કરવા અને ઉપર મુજબ ડ્રાયફ્રુટ મીક્ષ કરવું. પુરણ તૈયાર કરવું. મેંદાના બાંધેલા લોટમાંથી પુરી વણી ડ્રાયફ્રુટ સ્ફટીંગ ભરી ઘુઘરા વાળી કાંગરી કરવી. પછી બધા વાળી અને ઘી માં ધીમાં તાપે ગુલાબી રંગના તળવા એરટાઈટ ડબ્બામાં ભરવા.

### ચીઝ સક્કરપારા

**સામગ્રી :** ૨૫૦ ગ્રામ મેંદો, ૧૦૦ ગ્રામ ચીઝ, મીઠું એક ટે. સ્પુન, ઘી નું મોળ કલોંજી અથવા ખસખસ, તળવા માટે તેલ.

**રીત :** મેંદામાં ઘી નું મોળ નાખી ચીઝ મસળીને મીઠું નાખી કલોંજી નાખીને લોટ બાંધવો. અડધો કલાક મુકી રાખવો. પછી લુવા પાડી તેની મોટી પુરી વણી તેને સક્કરપારા સેપમાં કાપી અને ધીમા તાપે ગુલાબી તળવા. ચીઝ સકરપારા ખાવામાં મજેદાર લાગશે





# શ્રી કૃષ્ણ લીલા

## આજે તારી ઘરે જ માખણ ખાઈશું ! ! !

ઠાકોરજી હવે ચાર વર્ષના થયા. યશોદાજીએ કાનુડાને ગોવાળિયાઓ સાથે તેઓના ઘરે જવાની છૂટ આપી. તેમને ઘેર જાય. ઘી, દૂધ, માખણ ખાય અને બધા બાલગોપાલ આમ સાથે મળી આનંદ કરે. દરરોજ વારાફરતી જુદા જુદા ગોવાળિયાને ઘરે જવાનું. ઘરે જઈ પ્રેમપૂર્વક દહીં-માખણ આરોગવાનાં. એક પછી એક બધા ગોવાળિયાનો વારો. આજે એક ગોવાળિયાનો વારો હતો. તેની માતાનું નામ પ્રભાવતી હતું. ગોવાળિયાએ માને કહ્યું, 'મા! આવતી કાલે બધા ગોવાળિયા અને બાલ કનૈયો આપણાં ઘરે માખણ ખાવા આવશે. આપણો વારો છે.' પ્રભાવતી કહે,'ના. આપણાં ઘરે નહીં. તમે બધા ભેગા મળી ખૂબ તોફાન મસ્તી કરો છો. ઢોળી-ફોડી નાખો છો. આવતી કાલનું જવાનું જ રહેવા દે.' ગોવાળિયો કહે, 'મા ! મેં કાનુડાને વચન આપ્યું છે. હું જરૂર જઈશ અને આપણાં ઘરે પણ બોલાવીશ.'

પ્રભાવતી સવારે ચાર વાગે ઊઠી માખણ કાઢી ઊંચે શીકામાં મૂકી તાળું મારી બહાર ચાલી ગઈ. કાનુડા પાસે ગોવાળિયો રડવા લાગ્યો. 'મારા ઘરને મારી માએ તાળું મારી દીધું છે અને બહાર ચાલી ગઈ છે' કાનુડો કહે,'ગભરાઈશ નહીં, તારે ઘેર જ આજે જઈશું અને તારી માએ કાઢેલ માખણ ખાઈશું.' પ્રભાવતી પોતાના ઘર પાછળ ઊભી રહી છે. ઠાકોરજીએ પ્રભાવતીનાં ઘરનાં તાળાને હાથ લગાડયો અને તાળુ ખૂલી ગયું. સાંકળ ખોલી કાનુડો ઘરમાં આવ્યો. ખૂબ પ્રકાશ થયો. ગોવાળિયો તેની માતાએ ઊંચે શીંકે ટાંગેલું માખણ બતાવ્યું. હાથ ઊંચા કરી જોયા પણ ન પહોંચાયું. બાજુમાં પડેલ ખાંડણિયો ઊંધો પાડી કાનુડો તેના પર ચડયો. તોયે ન પહોંચાયું. સુદામાને ખાંડણિયો પર અંગૂઠા પકડાવ્યા. તેના પર ચડી ગોવાળિયાને કહ્યું,'જો, સામે ડામચિયા નીચે પથ્થર છે તે લાવ.' ગોવાળિયાએ પથ્થર આપ્યો. પથ્થર આપતાં ગોવાળિયો વિચાર કરે છે કે મારા ઘરમાં પથ્થર ક્યાં છે તેની મને ખબર નથી તો આ કાનુડાને કેવી રીતે ખબર પડી ? પથ્થરથી કનૈયાએ દોણી ફોડી નાખી. માખણ બહાર ઢોળાયું. કાનુડાએ ખાધું અને બધાને ખવડાવ્યું. તરત જ પ્રભાવતી ઘરમાં આવી ચોર ચોર બૂમો પાડવા લાગી. કાનુડાનું કાંડુ પકડી કહે,' આજે યશોદાને પ્રત્યક્ષ કરાવું કે તારો કાન માખણની ચોરી કરે છે.' ગોવાળિયા બધા રડવા લાગ્યા. કાનુડો કહે,'તમે બધા રડો નહીં. બધા મારી પાછળ આવો.' પ્રભાવતીએ ઠાકોરજીનું કાંડુ પકડયું છે. પ્રભાવતીના કાકાજી રસ્તામાં મળ્યા. પ્રભાવતીએ ઘૂંઘટ કાઢવા હાથ ઉપર કર્યો. એટલીવારમાં કનૈયો સરકી ગયો અને પ્રભાવતીએ પોતાના જ દિકરાનો હાથ પકડી લીધો. ભગવાન દોડતાં દોડતાં ઘરે જઈ યશોદા માતાને ફરિયાદ કરવા લાગ્યા કે,'મા, મા પ્રભાવતી મને મારે છે.' ઘરમાં જઈ ગોળી પાછળ પોતે સંતાઈ ગયા. પ્રભાવતી યશોદા પાસે આવી યશોદા કહે,' તમે મારા કાનને બહુ માર્યો છે, ધમકાવ્યો છે.' પ્રભાવતી હાથ પકડી લીધેલા બાળકને કાન સમજી યશોદાને કહે છે,'આ તારો કાનજી ઘર ઘરમાં જઈ માખણ ચોરે છે. દોણી ફોડે છે અને તોફાન કરે છે' યશોદા કહે,'ક્યાં છે મારો કાન? આ તો તારો બાળ છે પ્રભાવતી!' ઠાકોરજી તો સર્વત્ર છે. માતા યશોદાએ બાલકનૈયાને ઠપકો આપ્યો.

પ્રભાવતી પોતાના ઘરે ગઈ. ઘરમાં જોયું તો અનેક જાતનાં ઐશ્વર્ય એણે પોતાના ઘરમાં જોયા. ભગવાન કહે


છે,' મને એકવાર પણ હું તારો છું કહે તેને હું 'અભય વચન' આપું છું.' પ્રભાવતીના પ્રસંગથી ગોકુળ ગામનાં લોકો ખૂબ પ્રભાવિત થયા. દરેક નાના મોટા માંગલિક પ્રસંગે કાનુડાને પોતાના ઘરે લઈ જવાં લાગ્યાં.

આજે ગોકુળમાં સુમંગળ નામના બ્રાહ્મણને ઘરે દિકરીનું વેવિશાળ છે. વેવાઈઓ ઘરે આવવાના છે. સુમંગલની પત્નીએ યશોદાજી પાસે આવી વિનંતી કરી. આમંત્રણ આપી ગઈ, કે આવતી કાલે સવારે નવ વાગે કાનુડાને અમારે ત્યાં જમવા મોકલજો. યશોદાજીએ કાનુડાને કહ્યું,'કાના, આવતી કાલે સવારે તારે સુમંગલને ત્યાં જમવા જવાનું છે.' કાન સવારે સુમંગલને ત્યાં પહોંચી ગયો જેવો કાનુડો આવ્યો કે તરત જ તેમને વેવાઈ માટે તૈયાર કરેલી ગાદી પર બેસાડયા. પૂજા કરી. સામગ્રી આરોગાવી. ભગવાનને જમાડવામાં હરખઘેલાં થયેલાં ભૂલથી લાપસીમાં મીઠું અને દાળમાં સાકર નાખી દીધી. જેવા વેવાઈ આવ્યા કે ભગવાન ઊભા થઈ ગયા. વેવાઈને આવકાર આપ્યો. ગાદી પર બેસાડયા. ગોળનું પાણી આપ્યું. વેવાઈ પૂછવા લાગ્યા કે, 'આ નાનકડો છોકરો કોણ છે ?' વેવિશાળની વિધિ શરૂ કરી અને કનૈયો છૂ થઈ ગયો. અમે ત્રીજા દિકરાનું સગપણ કરીએ છીએ, બધે સામગ્રી આરોગી છે પણ તમારી સામગ્રી ખાતાં પેટ ધરાતું નથી! શું કારણ ? સમજાતું નથી.'

'પવિત્ર ભાવના અને પ્રેમથી ભગવાન બગડેલાં કામને પણ સુધારી દે છે. શીરામાં મીઠું નખાયું પણ ભગવાનની કૃપાથી શીરો અધિક મીઠો બની ગયો.'

---

**ઉપયુક્ત ઠાકોરજીની લીલાના આધારે નીચે દોરેલા દિવડામાં શબ્દના અજવાળા પાથરો. શબ્દના ક્રમ અને અંક આપવામાં આવ્યા નથી તમે જાતે શોધો. (જવાબ જોડવા નહી)**



(૧) મસાલા પીસવાનું સાધન
(૨) જગદ્નિયંતા
(૩) તેજ
(૪) બીજાનું લઈ લેવું, ઝૂંટવી લેવું
(૫) દૂધ, દહીં...., ઘી

(૪) ચોરી (૫) માખણ
**જવાબ :** (૧) ખાંડણિયો (૨) કાનુડો (૩) પ્રકાશ

(૧) સુમંગળને ત્યાં ભગવાનને જેની પર બેસાડયા
(૨) કૃષ્ણની માતા
(૩) પરોક્ષનું વિરોધી
(૪) નંદરાયનું ગામ
(૫) ......... ના ઘરે દોણી ફોડી

(૪) ગોકુળ (૫) પ્રભાવતી
**જવાબ :** (૧) ગાદી (૨) યશોદા (૩) પ્રત્યક્ષ

# ગોઠડી માંડી છે આજે, પૂજનીય માતા-પિતાની

સ્મૃતિરૂપે હૈયે બિરાજો છો બની શુભ સંસ્કાર
પિતા છત્ર છે ! માતા સર્વત્ર છે !

પિતા એ ઘરમાં મસ્તકને સ્થાને છે. માતા હૃદયના સ્થાને છે. પિતા પાસે અનુભવના વૈભવ છે. માતા પાસે જબરી કોઠા સૂઝ છે. છોડની શોભા ફૂલ છે તેમ ઘરની શોભા માતા-પિતા છે.

**રોમે રોમે વેણ ભર્યું, વેણે વેણે વરદાન**
**ઘરે ઘરે બિરાજે, મા-બાપ સ્વરૂપે ભગવાન**
**ધન વૈભવ કિર્તી મળે, મળે સઘળાં સુખ**
**ગયા સ્વજન પાછા ન મળે, એ જીવનભરનું દુઃખ**

માતા-પિતા એટલે શીખ અને સુઃસંસ્કારોનું મહાવિદ્યાલય, હયાત હોય ત્યાં સુધી વણ ઉકેલાય જટિલ પ્રશ્નોનાં જવાબ, સલાહ અને સૂચનો મળતાં રહે છે અને સહેલાયથી માર્ગ ખુલ્લો કરી રસ્તો કાઢી આપે છે. માનવતાનું વિદ્યાલય ઘર છે. સંતાનોને સુખી જોવા જીંદગીભર ભાર વેંઢારી નિઃસ્વાર્થપણે મા-બાપ ઘસાઈ છૂટતાં હોય છે. પોતાની જંગમ ને સ્થાવર મિલ્કત સંતાનોમાં વહેંચી દેછે.

નવ નવ મહિના ઉદરમાં સ્થાન આપી, ગર્ભનું પ્રેમ અને વાત્સલ્ય સાથે સુંદર રીતે સિંચન કરી, અનહદ પીડા સહન કરી જન્મ આપી મને આ સૃષ્ટિનાં દર્શન કરાવનાર જન્મદાત્રી માતુશ્રી અને પથદર્શક પિતાશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

ત્રણ જગતનો નાથ પણ 'મા' વિના અધૂરો છે. આંતરચેતના અનુસરીને પરિપકવતાની પુષ્પવાટિકામાં પ્રેમનાં પુષ્પોનો પમરાટ પ્રસરાવી સુંદર અને સૌમ્ય રૂપ નિખારી માની મમતા અજવાળા રૂપે પ્રગટે છે.

ઊડતા પતંગિયાની પાંખોની ઝાંયથી આંદોલિત થતી હવાને થતું હોય એવું કાંઈક પિતાને દિકરી બોલતા, દિકરીને સાંભળતા, દિકરીને જોતા થતું હોય છે. અવાજના પ્રસરતા વલયોનો લય હૃદયનાં ધબકારામાં ભળી જાય છે. દિકરી એ તો માનું હૈયું છે ને પિતાનું સ્વરૂપ. પિતા પોતાના પુત્ર-પુત્રીને નામ આપે છે. પોતાનું વ્યક્તિત્વ આપે છે. પિતાને પુત્રીનું કશું જ ખપતું નથી, પરંતુ પોતે જીંદગીભર ભાર વેઠી છાંયડો જ આપવો છે. દિકરી પિતાને લઢી વઢી શકે છે, મીઠો ઠપકો પણ આપી શકે છે. આ હૈયાનો જુદો જ મલક છે.

લીલી કુંજર સીમમાંથી પાછી ફરતી ગાયમાતાને જોતાં જેમ વાછરડું હરખથી ઉછળી પડે એમ સ્નેહાળ માતાનાં પ્રેમાળ માતૃભાષી શબ્દો સમજી, બાળક ક્ષમતા ઝીલવાનો પ્રયાસ કરી અચાનક ગળે વળગે આ છે વાત્સલ્ય હૃદયી માતાનો પ્રભાવ.

---



મારા જીવનનું શાશ્વત તીર્થ તમે હે મા,
દેહમાંથી દેહ આપે ને જીવમાંથી જીવ આપે તે મા
વાત્સલ્ય અંતરનું દઈને પ્રેમનું પાન કરાવે તે મા
સ્નેહનું અમી સીંચીને શરીરનું જનત કરે તે મા
હાથ ઝાલી પા પા પગલી ભરતા શીખવાડે તે મા
વાર્તાનો રસથાળ પીરસી બોધ શિખામણ આપીને સુવાડતી તે મા
બીજી રાતે પાછી અધૂરી વાર્તા કહેતાં કંટાળો ન કરે તે મા



કાલીઘેલી વાતો કરી રમત રમતમાં જમાડી દેતી તે મા
ધર્મનું ભાન કરાવી સુ:સંસ્કારોનું સિંચન કરે તે મા
સંતાનોના સુખે સુખી ને દુઃખે દુઃખી થાય તે મા
લાગણી પ્રેમ ને સ્નેહનો ત્રિવેણી સંગમ એટલે મા
ભૂલોને અયોગ્ય સ્થળે પ્રગટ ન કરે તે મા





જીદ અને ઈચ્છાઓને પૂર્ણ કરે તે મા
કહ્યા વિના શું જોઈએ છે એવી મૂક ભાષા સમજે તે મા
અપેક્ષા વિનાનો સ્નહે અર્પે, જેનાં પ્રેમનાં લેખા જોખા ન થઈ શકે તે મા
સંકટ સઘળાં સહન કરીને સમતા મનમાં ધારે તે મા
ઘર કેરો દિવડો બની પ્રકાશ પાથરે તે મા
પરિવારને પ્રસન્નતા ને ઘરને મંદિરની પાવનતા બક્ષે તે મા
સંકટ સઘળાં સહન કરીને દોષો ન નિરખે તે મા
સંઘર્ષ ભરી જીંદગી જીવી હસતું મોઢું રાખે તે મા
પ્રેમદોરથી સૌને એક કરે એવી સાંકળ એટલે મા
જીવતરનો વિસામો તમારા ખોળે હે મા

જીવનને વાંક કે ભાર વિના જીવી કુંભાર જેમ માટલાને ઘડે તેમ બાળકને એવી જ ચીવટ અને ખંતથી થપાટ મારી માનવ બનાવવાનું કાર્ય કરે તે પિતા. આંગળી પકડી સમાજની સડકે ચલાવે. જીવનના અનુભવ, મધુર વાણી અને વિચારોથી સમૃદ્ધ કરે તે પિતા.

કરો લાખ પ્રયત્ન છતાંય ઋણ એમનું ના ટળે,
પ્રગટાવ્યાં સદગુણોના દીપ એવા પિતા જેવું વિરાટ હૃદય ના મળે
કરું નમન દિવ્ય આત્માને નિરખું તમ રૂપમાં પરમાત્મા
પ્રારબ્ધનાં બળે પામી શકાય તીરથ સમાન પિતા
પરિવારને અક્ષેય પથ પૂરું પાડી દિશા અને પંથના દર્શક રહે તે પિતા





ખાનદાની, ખાસિયત અને ખુમારીના ગુણોથી સર્વમાં અવ્વલ તે પિત
લાખો લડાવી લાડ સૌને પ્રેમથી મોટા કરે તે પિતા
કંટક ને કાંટાળા રસ્તા, છતાં ફૂલોનો રસથાળ પીરસે તે પિતા
દુઃખના ઉતાર ચઢાવ વચ્ચે પરિવારની ઢાલ બની રહે તે પિતા
ઘેઘુર વડલાનો છાંયડો બની શિતળતા બક્ષતા રહે તે પિતા
નિર્મળ પ્રેમના સિંચનથી સંતાનોને ભીંજવતા રહે તે પિતા
ઘડિયાળના કાંટે કામ ને આળસને દૂર ભગાવતા રહે તે પિતા
રાખો નિયમિતતા ને મહેનતથી કરો કામ, પાઠ ભણાવે તે પિતા

**પૂજનીય માતા-પિતાને ચરણોમાં નતમસ્તકે વંદન**
**તમારા આશિર્વાદ હંમેશા મારી સાથે રહેશે. !!!**

**સંકલન**


# હિંડોળા ખાટ

## સમૃધ્ધિની દેવીના સ્થાનકો યોગ્ય જોડી જોડો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મહાલક્ષ્મી માતા | ક. | ચોટીલાના ડુંગર પર |
| ૨. | શ્રી મહાકાળી માતા | ખ. | અમદાવાદ |
| ૩. | શ્રી મુંબાદેવી માતા | ગ. | ગબ્બર |
| ૪. | શ્રી ચામુંડા મા | ઘ. | દહાણુ |
| ૫. | શ્રી ઉમિયા માતા | ચ. | ગિરનારની તળેટી |
| ૬. | શ્રી ભદ્રકાળી માતા | છ. | ઝવેરી બજાર પાસે, મુંબઈ |
| ૭. | શ્રી ખોડિયાર માતા | જ. | ગોંડલ |
| ૮. | શ્રી અંબાજી માતા | ઝ. | મહેસાણાના સમી પાસે વરણા ગામે |
| ૯. | શ્રી ભુવનેશ્વરી માતા | ટ. | પાવાગઢ |
| ૧૦. | શ્રી આશાપુરા માતા | ઠ. | ઊંઝા |
| ૧૧. | શ્રી વાઘેશ્વરી માતા | ડ. | નડિયાદ |
| ૧૨. | શ્રી માઈ દેવી | ઢ. | કચ્છ |

જવાબ : (૧) ઘ, (૨) ટ, (૩) છ, (૪) ક, (૫) ઠ, (૬) ખ, (૭) ઝ, (૮) ગ, (૯) જ, (૧૦) ઢ

# શ્રી ચક્ર



શ્રી ચક્ર એ જગદંબાનું પ્રતીક છે. ઈશ્વર નર નથી, નારી નથી પરંતુ તે પિતા છે તો માતા પણ તે જ છે. પિતા કરતાં માતા તરીકે પરમેશ્વરનું કૃપા સ્વરૂપ ભક્તોને વધુ આકર્ષે છે. બ્રહ્મા પત્ની સરસ્વતી, વિષ્ણુ પત્ની લક્ષ્મી અને શિવજી પત્ની પાર્વતી એ બધાં રૂપો પૂજાય છે. તેમાં પા ાર્વતી સ્વરૂપ વિશેષ, તાંત્રીકો તો તેને જ ભજે છે.

પાર્વતીના ત્રણ રૂપ છે. દુર્ગા, કાલી અને લલિતા. શ્રી ચક્ર એ પરમેશ્વરીના લલિતા સ્વરૂપનું પ્રતીક છે. આદિ શંકરાચાર્યે જગદંબાના મંદિરોમાં શ્રીચક્રની સ્થાપના કરી હતી. શ્રીચક્ર એ યંત્ર છે. એની મધ્યમાં બિંદુ હોય છે. બિંદુની આસપાસ નવ ત્રિકોણ હોય છે. તેમાના પાંચ ત્રિકોણની ટોચ નીચે તરફ અને ચારની ઉપર તરફ હોય છે. આ નવ ત્રિકોણો એકબીજાને કાપે છે, જેથી કરીને કુલ ૪૩ ત્રિકોણ બને છે. આ બધા ત્રિકોણો ફરતાં બે વર્તુળો છે, તેમાં એકમાં આઠ પાંખડીવાળું કમળ અને બીજામાં સોળ પાંખડીવાળું કમળ છે. આની ફરતે વળી બીજા ત્રણ વર્તુળો હોય છે. છેલ્લે ત્રણ રેખાઓ વાળો ચર્તુષ્કોણ છે, તેને ચતુરસ્ત્ર કહે છે તેને ચાર બાજુ ચાર પ્રવેશદ્વાર હોય છે.

શ્રી ચક્ર એટલે લક્ષ્મીચક્ર, દેવોના ગુરુ બૃહસ્પતિએ લક્ષ્મીની પ્રસન્નતા માટે આ યંત્રનું નિર્માણ કર્યું છે. યંત્રના અંદરના ત્રિકોણને લક્ષ્મીનો ત્રિકોણ કહે છે. તેની અંદરનું બિંદુ ભગવતી લક્ષ્મીનું સૂચક છે. આ શ્રી યંત્રની ઘરમાં સ્થાપના થઈ શકે છે. એની સ્થાપના એ પૂજા છે છતાં ધરતેરસે એના ખાસ પૂજા કરાય છે. પૂજાની કોઈ ખાસ વિધિ કે વિધાન નથી.

# આરતી તો તારતી


**મંત્રહીનં ક્રિયાહીનં યત્ કૃતે પૂજનં હરે : ।**
**સર્વ સમ્પૂર્ણતામેતિ કૃતે નીરાજને શિવે ।।**
**- સ્કંદપુરાણ**

પૂજા મંત્રહીન અને ક્રિયાહીન હોવા છતાં પણ નીરાજન (આરતી) કરી લેવાથી એ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

## શ્રી કૃષ્ણની આરતી

**- શ્રી પુનિત મહારાજ**


જય કાના કાળા, પ્રભુ નટવર નંદલાલ
મીઠી મોરલીવાળા (૨) ગોપીના પ્યારા,
ઓમ જય કાના કાળા
કામણગારા કાન, કામણ બહુ કીધાં
પ્રભુ કામણ બહુ કીધાં, માખણ ચોરી મોહન (૨)
ચિત્ત ચોરી લીધાં, ઓમ જય કાના કાળા
નંદ યશોદા ઘેર વૈકુંઠ ઉતારી...પ્રભુ (૨)
કાલીય મર્દન કીધાં (૨) ગાયોને ચારી
ઓમ જય કાના કાળા
ગુણ તણો તુજ પાર કેમે નહિ આવે, પ્રભુ કેમે નહિ આવે
નેતિ વેદ પુકારે (૨) પુનિત શું ગાવે ?
ઓમ જય કાળા કાના



## શ્રી યમુને મહારાણીજીની આરતી

**- શ્રી હરિદાસજી**

જય જય મહારાણી જમુના જય જય પટરાણી જમુના
સુંદર સતવાદી નાર તપ કરી પ્રભુને આરાધિયા
પ્રીતે પરણ્યા મોરાર... જય જય ..
સૂરજ દેવતાની દિકરી વેદ પુરાણ વખાણે
ભાઈને વહાલી રે બેનડી પસલી આપી છે સાર જય જય ..
રૂપે રૂડાં જળ શામળાં વેગે ચાલે ગંભીર
તીર તો રંગ ઓપતાં વ્રજ વધ્યો વિસ્તાર જય જય ..
ચરણા ચોળીને ચૂંદડી ઉર પર લટકંતા હાર
કંકણ કુંડળ ને ટીલડી સજયાં મા એ સોળ શણગાર
જય જય ..
વૃંદાવન વીંટાઈ રહ્યું, મથુરા જળ સ્થળ આધાર
ગોકુલ મહાવન પાસે વસ્યો વહાલો મારો નંદકુમાર
જય જય ..
જળ જમુનાના ઝીલતાં તૂટયા નવસર હાર
મોતી સર્વે વેરાઈ ગયાં, હીરલો લાગ્યો છે હાથજય જય ..
રામઘાટ શ્યામઘાટ ઠકુરાણીઘાટ બીજા ઘાટ અપાર
અજાણે અધર્મી નાહી ગયો તેનો માએ કર્યો ઉધ્ધાર
જય જય ..
અઠ્ઠાવીસ કુંડ ઉજ્જડ થયા, બાઈનો ભાંગ્યો ભણકાર
પરાક્રમે ગેલ ચલાવીયાં, વ્રજમાં કીધો વિસ્તાર જય જય ..
નાહ્ય ગાય પયપાન જે કરે તેને જમનો નહીં ભણકાર
કર જોડી કહે હરિદાસ ન્હાજો વારંવાર જય જય



# સ્પોર્ટ્સ

## તમારો ગોલ નિશ્ચિત કરો

૧. ૨૦૧૯માં દિપક પુનીયાએ............ રેસલીંગ ચેમ્પીયનશિપની કેટેગરીમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો.
૨. એજ રીતે રવિકુમારે.......... કેટેગરીમાં બ્રોન્ઝ હાંસલ કર્યો.
૩. એજ રીતે વિનેશ ફોગટે.................. કેટેગરીમાં બ્રોન્ઝ હાંસલ કર્યો. (વિમેન્સ માટે)
૪. ૨૦૧૯માં પંકજ અડવાણીએ વર્લ્ડ ........ માં ૨૨મું ટાઈટલ જીતી લીધું.
૫. બી.એમ.એફ. વર્લ્ડ ચેમ્પીયનશિપમાં પી.પી. સિંધુએ............ માં ગોલ્ડ હાંસલ કર્યો હતો.
૬. ઈન્ડિયાએ ૧૯૭૫માં............ માં વર્લ્ડ કપ પ્રાપ્ત કર્યો હતો.
૭. ઈન્ડિયાએ ૧૯૬૨માં એશિયન ગેઈમ્સ ................. માં ગોલ્ડ હાંસલ કર્યો હતો.
૮. ઈન્ડિયાએ ૨૦૧૧માં ................. માં વર્લ્ડ કપ જીત્યો હતો.

- ક્રિકેટ
- ૫૩ કિલો
- હોકી
- ૮૬ કિલો
- ફૂટબોલ
- બિલિયડર્સ
- ૫૭ કિલો
- બેડમિન્ટન

જવાબ : (૧) ૮૬ કિલો (૨) ૫૭ કિલો (૩) ૫૩ કિલો (૪) બિલિયડર્સ (૫) બેડમિન્ટન (૬) હોકી (૭) ફૂટબોલ (૮) ક્રિકેટ.

## મોહે રંગ દે



# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ:** તા. ૧-૯-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૬ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૦-૯-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૭ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**(૩) શ્રીમતી કોકીલાબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પ :** તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૭૮ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૭૩ દર્દીઓને દસ દિવસની દવાઓ રૂા. ૧૪૦૮૦/- તથા યુનીસન કંપની તરફથી આશરે રૂા. ૬૦૦૦/- ની દવાઓ ઉપરાંત પેથોલોજી ટેસ્ટ રૂા. ૭૭૨૫/- ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ફિઝીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓની ડૉક્ટરોની ટીમે સેવાઓ આપેલ.

આગામી ડાયાબિટીસ નિદાન કેમ્પ તા. ૨-૨-૨૦૨૦ના રોજ યોજવામાં આવશે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી**

**ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી**

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ – માનદ્ મંત્રીઓ**


Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**
• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર



**– મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૩ (ત્રીજી) બેઠક તા. ૨૪-૯-૨૦૧૯ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હોલ (પ્રગતી સમાજની ઓફીસ) ખાતે પ્રમુખ શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી કૃપાબેને જાહેરાત કરી હતી કે દીવાળી સ્નેહ સંમેલન તા. ૧૧-૧૧-૨૦૧૯ને સોમવાર સમય બપોરના ૨.૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવન હોલ (ચોપાટી) ખાતે આયોજન કરેલ છે. સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી કરી હતી.

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) ૬૮મો વાર્ષિક રસોત્સવ માટે મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ જાહેરાત કરી હતી. આ વર્ષે રસોત્સવ શ્રી પ્રબોધન ઠાકરે હોલ, બોરીવલી (વેસ્ટ) ખાતે તા. ૧૭-૧૧-૨૦૧૯ના રોજ આયોજન કર્યું છે અને આના મુખ્ય મહેમાન તરીકે શ્રી મહેશભાઈ નટવરલાલ મોદી (શહેરાવાળા) સંઘને પ્રાપ્ત થયા છે.

શ્રીજી મેડીકલેઈમ યોજના શ્રીમતી કુસુમબેન બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)ના સંયોજક શ્રી તેજસભાઈ ગેરહાજર હોવાથી આ યોજનાની વિગત આવતા મીટીંગમાં રજુઆત કરવામાં આવશે.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા) પુરુસ્કૃત શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) આયોજીત B.N.S. જનસાથી ટ્રોફી શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખાં) આયોજીત B.N.S. લાલખાં શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખાં) અને શ્રી રૂપીનભાઈ ટ્રોફી પુનમચંદ કડકીઆ (બેરા) દ્વારા આયોજીત B.N.S. લાલખાં-બેરા T-૨૦ લીગ.

ઉપરોક્ત યોજના માટે મંત્રી શ્રી ભાવેશ મોદીએ જાહેરાત કરી હતી કે લાલખાં-બેરા ટુર્નામેન્ટ તા. ૧૦-૧૧-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯.૦૦ વાગ્યે ફનશાળા સ્પોર્ટ્સટર્ફ (ભાયખાલા-ઈસ્ટ) ખાતે આયોજીત કરેલ છે.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગરીય વિભાગ પ્રથમ પ્રોગ્રામ દાંડીયા રાસનું આયોજન મહિલા આધાર હોલ, કાંદિવલી (વેસ્ટ) ખાતે તા. ૨૦-૧૦-૨૦૧૯ ના સાંજે ૬.૦૦ કલાકે આયોજીત કરેલ છે અને આ પ્રોગ્રામના મુખ્ય મહેમાન શ્રી ગોપાલદાસ બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ અને શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) ઈન્ડોર સ્પોર્ટ્સ ના સંયોજક શ્રી કીંજલ પરીખે જણાવ્યું હતું કે ઉપરોક્ત પ્રોગ્રામ તા. ૬-૧૦-૨૦૧૯ના રવિવાર, સમય સવારના ૯.૩૦ કલાકે સંઘની ઓફિસમાં આયોજન કરેલ છે. આ પ્રોગ્રામ માટે ત્રણ દાતાશ્રીઓ તરફથી દાન મળેલ છે. જે નીચે મુજબ છે.

શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ (બેરા) રૂા. ૫,૦૦૦
શ્રી સમીરભાઈ રમેશચંદ્ર દેસાઈ (મેનપૂરાવાળા) રૂા. ૫,૦૦૦
શ્રી પલશ ભાવીક ધારીઆ (ઈન્કમટેક્ષવાળા) રૂા. ૩,૦૦૦

ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) એન્ડ ફેમીલી દીવાળી પર્વ આર્થિક રાહત યોજના ના સંયોજક શ્રી મયુરભાઈ શાહે જણાવ્યું હતું કે આયોજન માટે શ્રી બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી રૂા. ૫૩૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયું છે.

ઉપરોક્ત યોજનાનો લાભ લેનાર મુંબઈ ખાતે તા. ૧૪-૧૦-૨૦૧૯ થી ૧૯-૧૦-૨૦૧૯ સુધી પ્રગતી સમાજની ઓફીસ, બહારગામવાળાને મનીઓર્ડરથી મોકલવામાં આવશે અને વતન ખાતે શ્રી મણીકાંતભાઈ કડકીઆની ઓફિસથી પ્રાપ્ત થશે.

શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) વસ્તીપત્રક યોજનાના સંયોજક તરીકે સહ મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆની આગામી નિમણુંક થઈ હતી પણ સહમંત્રી તરીકે અને સંઘની અન્ય જવાબદારીઓને કારણે શ્રી અલ્પેશભાઈના સુચનથી સંઘના પ્રમુખ શ્રી સૌમીલભાઈ મોદીએ ઉપરોક્ત યોજના માટે સંયોજક તરીકે શ્રી ઉર્મિલભાઈ કડકીઆ અને સહ સંયોજક તરીકે શ્રી દર્શનભાઈ પરીખની નિમણુંક કરેલ છે.

પ્રમુખ સ્થાનેથી શ્રી સૌમીલભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે મેડીકલ એક્સપેન્સ માટે શ્રી વૈભવ વસંત કાપડીઆ તરફથી રૂા. ૨૦,૦૦૦/- નું માતબર દાન પ્રાપ્ત થયું છે. સંસ્થાવતી તેઓશ્રીને અભિનંદન.

લાઈફ મેમ્બરશીપ માટે ૧ ફોર્મ આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

શ્રી આશિષ દીનેશ કચેરીઆ.

કુલ ૧૪ લીવની અરજીઓ આવેલ છે. તેમના નામ શ્રી જીગર કડકીઆ, શ્રી અલ્પેશ ધારીઆ, શ્રી જતીન કોટીયા, શ્રી કલ્પેશ ધારીઆ, શ્રી યોગેશ ધારીઆ, શ્રી વ્રજેશ દેસાઈ, શ્રી વસંત દેસાઈ, શ્રી નિલેશ શાહ, શ્રી તેજસ શાહ, શ્રી પ્રશાંત પરીખ, શ્રી રીપલ પરીખ, શ્રી સુનીલ મોદી, શ્રી સમીર ધારીઆ, શ્રી જીતેન્દ્ર પારેખ અને તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ મનોજ કાંતીલાલ પરીખ (રોકડીયા) | ૬૬ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**


# S.R. Mody

## Shree Light Corporation

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**


Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches, Eveready Cell /Torch / Appliances & Duracell.**

Authorised Distributors

POLYCAB
WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2019
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.